
૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૨૩



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● આ ઉત્કૃષ્ટ ધર્મ લક્ષ્મીને વશ કરવા માટે વશીકરણ મંત્ર સમાન છે. આ ધર્મ કલ્પવૃક્ષ સમાન ઈચ્છિત પદાર્થ આપનાર છે. તે કામધેનુ અથવા ચિંતામણિ સમાન ઈષ્ટ વસ્તુઓનું પ્રદાન કરનાર છે, તે ધર્મ ઉત્તમ દેવ સમાન છે તથા તે ધર્મ સુખ-પરંપરારૂપ અમૃતની નદી ઉત્પન્ન કરનાર ઉત્તમ પર્વત સમાન છે. તેથી હે ભાઈ ! તમે બીજી તુચ્છ મિથ્યા કલ્પનાઓ છોડીને તે ધર્મની આરાધના કરો. ૧૯૭૧.

(શ્રી પદ્મનદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૯૫)

● સમયસારભૂત ભગવાન પરમાત્માનું—કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે તેનું— પ્રતિપાદન કરતું હોવાથી જે પોતે શબ્દબ્રહ્મ સમાન છે એવા આ શાસ્ત્રને જે આત્મા ખરેખર ભણીને, વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત, ચૈતન્યપ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને) અર્થથી અને તત્ત્વથી જાણીને, તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન પરબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ હોવાને લીધે જે (સૌખ્ય) 'પરમાનંદ' શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને અનાકુળતા લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે. ૧૯૭૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૪૧૫)

● લોકમાં પણ આ પ્રમાણે છે કે અત્યંત નિષ્પ્રયોજન વાતનો પણ નિર્ણય કરી પ્રવર્તે છે અને આત્મહિતના મૂળ આધારભૂત જે અર્હંતદેવ તેનો નિર્ણય કર્યા વિના જ તમે પ્રવર્તો છો એ મોટું આશ્ચર્ય છે ! વળી તમને નિર્ણય કરવાયોગ્ય જ્ઞાન પણ ભાગ્યથી પ્રાપ્ત થયું છે માટે તમે આ અવસરને વૃથા ન ગુમાવો, આળસ આદિ છોડી તેના નિર્ણયમાં પોતાને લગાવો કે જેથી તમને વસ્તુનું સ્વરૂપ, જીવાદિકનું સ્વરૂપ, સ્વ—પરનું ભેદવિજ્ઞાન, આત્માનું સ્વરૂપ, હેય—ઉપાદેય અને શુભ—અશુભ—શુદ્ધ અવસ્થારૂપ પોતાના પદ—અપદનું સ્વરૂપ એ બધાંનું સર્વ પ્રકારથી યથાર્થજ્ઞાન થાય. માટે સર્વ મનોરથ સિદ્ધ થવાનો ઉપાય જે અર્હંત્સર્વજ્ઞનું યથાર્થજ્ઞાન જે પ્રકારથી થાય તે પ્રથમ કરવાયોગ્ય છે. ૧૯૭૩.　(શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું-૬૨)

● જે શુદ્ધ ન્યાયમાર્ગી મનુષ્ય હૈ વે લોકવિરુદ્ધ કાર્યકૂં તજૈ હૈ. જે વિશુદ્ધ કુલમેં ઉપજે ક્ષત્રી શુભ ચિત્ત સર્વ શાસ્ત્રનિકે જ્ઞાતા તિનકી યહી રીતિ હૈ જો કાહૂ સે ન ડરૈં, એક લોકાપવાદસે ડરૈં. ૧૯૭૭.　(શ્રી રવિષેણ આચાર્ય, પદ્મપુરાણ, પાનું ૫૬૮, ૫૭૭)

વર્ષ–૧૭
અંક–૫




વિ. સંવત
૨૦૭૮

January
A.D. 2023



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## સુખ અને તેનું સાધન

આ કર્તાકર્મ અધિકારમાં આચાર્યદેવ કહે છે કે, ભાઈ ! તું ચૈતન્ય સ્વરૂપ આત્મા છો, અને આ કર્મો તથા શરીરાદિ તો જડ છે, તે જડનો તું કર્તા નથી. જડ કર્મથી તો તારૂં સ્વરૂપ જુદું છે જ, પરંતુ અમારે તો તને, જે ભાવે કર્મ બંધાય તે ભાવથી પણ તારૂ સ્વરૂપ ભિન્ન છે એમ બતાવવું છે. પહેલાં તું તારા આત્માને શરીરાદિથી અને જડ કર્મોથી જુદો માન, જડ કર્મથી જુદો માનતાં ‘કર્મ શુભાશુભ ભાવ કરાવે’ એ માન્યતા ટળી જશે, એટલે પહેલાં તારા પરિણામોની જવાબદારી તો તું લે. શુભાશુભ ભાવ જડ કર્મ નથી કરાવતાં, પણ તું તારા ઊંધા ભાવે કરે છે, એમ પહેલાં તારા પરિણામને તો જો પછી તને જણાશે કે શુભાશુભ પરિણામ જેટલો પણ તું નથી, તારા ત્રિકાળી સ્વરૂપમાં ક્ષણિક શુભાશુભ ભાવ નથી, ક્ષણિક શુભાશુભ ભાવ થાય તે પરમાર્થે તારૂં કર્તવ્ય નથી; તે શુભાશુભ પરિણામમાં આત્માનું સુખ નથી. શુભાશુભ પરિણામ રહિત નિરાકુળ આત્મસ્વભાવને જાણીને તેમાં ઠર તો તને આત્માનું સુખ અનુભવમાં આવે. માટે પહેલાં નક્કી કર કે મારૂં સુખ સ્વભાવ ભાવમાં છે, જડમાં કે વિભાવ ભાવમાં મારૂં સુખ નથી.

ભાઈ રે ! તારે સુખી થવું છે ને ! તું જે ઈચ્છે છે તે સુખ તારા આત્મામાં હોય કે શરીરાદિ પરમાં હોય ? આત્માનું સુખ પરમાં ન હોય, પણ આત્મામાં જ હોય. અને એ

એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.  પરમાગમ શ્રી સમયસાર

સુખ પ્રગટાવવાનો ઉપાય પણ આત્મામાં જ હોય. જ્યાં સુખ હોય ત્યાં જ તેનો ઉપાય હોય, સુખ આત્મામાં અને ઉપાય પરમાં—એમ હોય નહિ. સુખ અને સુખનો ઉપાય બંને આત્મામાં જ છે તેથી શરીરાદિ જતાં કરીને પણ આત્મા સુખનો ઉપાય કરવા માગે છે. સુખ માટે, દ્વેષ કર્યા વગર શરીર જતું કરવા પણ તૈયાર છે. જો આત્માનું સુખ અને તેનો ઉપાય આત્મામાં છે એમ શ્રદ્ધા કરે તો આત્માના સુખ માટે પરને સાધન ન માને. આ શરીર તો સુખનું સાધન નથી. પણ રાગ-દ્વેષના જે ભાવ થાય તે કોઈ પણ ભાવ સુખનું સાધન નથી, પર ચીજથી તો આત્મા જુદો જ છે, એટલે પૈસા, શરીર વગેરે કોઈ પર વસ્તુ આત્માના સુખનું સાધન નથી, પરંતુ પુણ્ય-પાપનું સાધન પણ પૈસા વગેરે પરચીજ નથી. પોતાના પરિણામથી પુણ્ય-પાપ છે. હવે જો સુખ જોઈતું હોય તો પહેલાં જ્યાં સુખ છે એવા આત્મસ્વભાવને જાણવો જોઈએ. બહારની વસ્તુને તો સુખના સાધન ન માન, પરંતુ અંતરમાં દયા કે ભક્તિના શુભરાગ આદિ ભાવોને પણ આત્માના સુખનું સાધન ન માન. આત્મામાં સુખ ભર્યું છે અને એ સુખ સ્વરૂપ આત્માની શ્રદ્ધાજ્ઞાન એ જ સુખનો ઉપાય છે.

સમાધિ ટાણે જો સ્વરૂપનું લક્ષ હશે તો શાંતિ આવશે. આત્માની શાંતિ માટે શરીર તો કામ કરે તેમ નથી પણ પુણ્યનો વિકલ્પ પણ આત્માની શાંતિ આપવા સમર્થ નથી. સુખ માટે શરીર દ્વેષ રહિત જતું કરવું જોઈએ. શરીર મારા સુખનું સાધન નથી. એમ જાણતાં શરીર ઉપરનો રાગ ટળી જવો જોઈએ. જો શરીર જતું થવા પ્રસંગે દ્વેષ થઈ આવે તો તેને શરીરમાં સુખબુદ્ધિ ટળી નથી; તેમજ શરીર જતું થઈને સમાધિના ટાણાં આવ્યાં હોય ત્યારે બહારમાં લક્ષ જાય કે અમુક ભક્તિ-પ્રભાવનાનાં કાર્યો બાકી રહી ગયાં, એમ જો શરીર જતાં પર લક્ષ થાય તો તેને પણ અંતરની આત્મશાંતિ નહિ ઊગે. બહારનાં કાર્યોમાં નિમિત્ત તો શરીર છે. એટલે જેને બહારનાં કાર્યોનું લક્ષ છે તેને હજી શરીર ટકાવી રાખવાના ભાવ છે એટલે તેણે પોતાના સુખનું સાધન શરીર માન્યું છે—તેથી તેને પણ આત્માની શાંતિ નહિ આવે.

શરીરનાં પરમાણુઓ છૂટી જાય તે તેના કારણે પરિણમે છે, શરીરના પરિણમન સાથે આત્માના સુખને સંબંધ નથી. શરીરાશ્રિત કાર્યો કે તે તરફના ભાવમાં આત્માનું સુખ નથી. શરીર જતાં જો અણગોઠતો ભાવ થાય તો તે શાંતિને રોકનાર છે. શરીર તો જે ક્ષેત્રે જે ટાણે જવાનું હશે તે ટાણે છૂટી જવાનું છે. પરંતુ એ ટાણાં આવ્યાં પહેલાં

ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

આત્મામાં એમ નક્કી કરવું જોઈએ કે આ શરીર તો મારાથી ભિન્ન જ છે અને શરીર તરફના લક્ષે થતાં અણગમાના ભાવ કે ભક્તિ, પ્રભાવનાના ભાવ તે બધા વિકાર મારૂં સ્વરૂપ નથી, શુભ વિકલ્પ ઉઠે તે પણ મને લાભદાયક નથી, વિકાર રહિત મારૂં સ્વરૂપ એ જ મને લાભદાયક છે, એમાં જ મારૂં સુખ છે—એવું ભાન કર્યા વગર સ્વરૂપમાંથી નિરાકૂળ શાંતિ નહિ ઊગે.

ભાઈ ! તારે સુખ જોઈએ છે ને ? તો પહેલાં એ નક્કી કર તે તારૂં સુખ તારામાં છે કે પરમાં ? અને તે સુખનું સાધન તારામાં છે કે પરમાં ? પહેલાં તો આત્માનું સુખ આત્માથી જુદું હોઈ શકે નહિ. એટલે કે આત્માનું સુખ આત્મામાં જ છે અને તે સુખનો ઉપાય પણ આત્મામાં જ છે, કેમકે જ્યાં સુખ હોય ત્યાં જ તેનો ઉપાય હોય. અંતરના સુખનું સાધન શરીરાદિ પર તો થાય જ નહિ, પરંતુ બહારના વલણે થતા શુભભાવ પણ અંતરના સુખનું સાધન નથી. આ રીતે સ્વાશ્રય સ્વભાવની દૃષ્ટિ કરીને પરાશ્રય ભાવ ઉપર કાપ મૂક, દૃષ્ટિનું જોર ફેરવી નાખ. મારૂ સુખ અને સાધન મારામાં છે, કોઈ પરમાં મારૂં સુખ અને સાધન નથી. પર લક્ષે જે વૃત્તિ ઊઠે તે પરાશ્રયભાવ છે તેમાં મારું સ્વાશ્રયી સુખ નથી, એમ અંતરથી નક્કી કરતાં દૃષ્ટિમાં સર્વ પરનો આશ્રય ટળી ગયો, અને પરાશ્રય ભાવ દૃષ્ટિમાંથી ટળી ગયો.

આ શરીરમાં તો ક્યાં શાંતિ હતી ? શાંતિ તો આત્મામાં છે. જુઓને ! આ શરીર તો ક્ષણમાં છૂટી જાય છે, ક્ષણે ક્ષણે જગતના જીવોનાં મરણ થઈ જ રહ્યાં છે. જગતનાં જીવોનાં મરણ જોઈને ધર્માત્માને તો સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે, સ્વરૂપની પૂર્ણતાની ભાવનાની વૃદ્ધિ થાય. આચાર્ય ભગવાન કહે છે કે—અહો ! આ સંસાર (શુભાશુભ વૃત્તિઓ) ક્ષણિક છે એમાં આત્મ-શાંતિ નથી. એક ક્ષણ પણ અમે સંસારભાવમાં રહેવા માગતા નથી. આ જ ક્ષણે સંસારના સર્વ ભાવોથી છૂટીને અમે અમારા સ્વરૂપમાં લીન થઈ જવા માગીએ છીએ. (જ્ઞાનીઓને સમસ્ત સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે છે એટલે તેઓ સંસારના કોઈ ભાવ ઈચ્છતા નથી. સ્વર્ગ જે ભાવે મળે તેને પણ તેઓ ઈચ્છતા નથી. અને અજ્ઞાનીને નરકાદિ ગતિના દુઃખના ભયથી વૈરાગ્ય થાય છે એટલે તેને અંતરમાં સ્વર્ગાદિ ગતિની રુચિ ટળતી નથી, તેથી તેનો વૈરાગ્ય સાચો હોતો નથી. સાચો વૈરાગ્ય હોય તો જે ભાવે સંસાર ફળે અને કેવળજ્ઞાન રોકાય તે ભાવનો આદર ન હોય.) (ક્રમશઃ)

*

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,**
**એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૧)

અહીં જે ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ ચાર ભાવોના ભંગ—ભેદનું વર્ણન કર્યું તે જાણવાનું પ્રયોજન એ છે કે—તે બધાય ભાવો ક્ષણિક છે, કર્મની ઉપાધિવાળા છે, ને તે બધાય ભાવો રહિત જે ત્રિકાળી એકરૂપ આત્મસ્વરૂપ છે તે પોતાનો સ્વભાવભાવ છે, તેને કોઈ કર્મની ઉપાધિ નથી; એ ત્રિકાળી સ્વભાવ ક્ષણિકભાવો જેટલો નથી—એમ ઓળખીને, પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યસ્વભાવ તરફ ઢળવું તે અહીં પ્રયોજન છે.

ચાર ભાવોના પ્રકારો વર્ણવ્યા. હવે પાંચમા પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે—જીવત્વપારિણામિક, ભવ્યત્વપારિણામિક અને અભવ્યત્વપારિણામિક. આ ત્રણ ભાવોને કોઈ કર્મની અપેક્ષા નથી. પારિણામિકભાવના આ ત્રણ ભેદ વ્યવહારનયનો વિષય છે. જીવના સ્વભાવની દૃષ્ટિથી જોતાં, ભવ્ય કે અભવ્ય બધા જીવો ત્રિકાળ એકરૂપ પરમપારિણામિક સ્વભાવવાળા છે.

પાંચે ભાવોના પ્રકારોનું વર્ણન કરીને હવે તેમાંથી કયા કયા ભાવો કયા જીવને હોય છે તે બતાવે છે; જીવત્વપારિણામિકભાવ તો ભવ્ય તેમ જ અભવ્ય બધા જીવોને એકસરખો હોય છે. ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યજીવોને જ હોય છે અને અભવ્યત્વપારિણામિકભાવ અભવ્ય જીવોને જ હોય છે. આ ત્રણે પ્રકારના ભાવો કર્મની અપેક્ષા વગરના, સ્વભાવથી જ છે. ઘણાં પુણ્ય કરે તે જીવ ભવ્ય અને ઘણાં પાપ કરે તે અભવ્ય—એમ નથી. પુણ્ય-પાપ તે તો ઔદયિકભાવરૂપ છે ને ભવ્ય-અભવ્યપણું તે પારિણામિક-ભાવરૂપ છે; તેથી ભવ્ય-અભવ્યપણાને પુણ્ય-પાપની અપેક્ષા નથી. કોઈ જીવ ભવ્ય હોય અને તે ક્રૂરમાં ક્રૂર પાપ કરે તો તેથી તે કાંઈ અભવ્ય થઈ જતો નથી. અને કોઈ અભવ્ય જીવ ઘણાં પુણ્ય કરે તો તે કાંઈ ભવ્ય થઈ જતો નથી. જે ભવ્ય હોય તે ભવ્ય જ રહે ને અભવ્ય હોય તે સદા અભવ્ય જ રહે એવો સ્વભાવ છે. જીવત્વસ્વભાવ બધા જીવોમાં છે, ઘણાં પાપ કરનાર આત્માનો જીવસ્વભાવ કાંઈ નાશ થઈ જતો નથી અને ધર્મ કરનાર જીવને કાંઈ જીવસ્વભાવ નવો

વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.

બનતો નથી. જીવત્વપારિણામિકભાવ સદા નિરપેક્ષ એકરૂપ બધા જીવોને છે.

જીવનો જે ત્રિકાળી પારિણામિકભાવ છે તે કારણપરમાત્મા છે; તે કારણપરમાત્મારૂપ શુદ્ધ આત્માના આશ્રયે, સકળ કર્મોનો ક્ષય થતાં કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ પ્રગટે છે. તે કાર્યસમયસાર છે; આ ભાવ સંપૂર્ણ શુદ્ધઅવસ્થારૂપ છે. તે અવસ્થા કોને હોય ? તે કહે છે. તીર્થંકરપણાદ્વારા ત્રણલોકને આશ્ચર્યના કારણભૂત અને સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાનના સ્વામી એવા શ્રી તીર્થંકરઅરિહંતદેવ, તેમજ સામાન્ય કેવળી ભગવંતો અને અશરીરી એવા શ્રી સિદ્ધભગવંતોને ક્ષાયિકભાવ હોય છે. કેવળજ્ઞાન-કેવળદર્શન-ક્ષાયિકસુખ વગેરે ભાવો છદ્મસ્થ સંસારી જીવોને હોતા નથી, પણ અરિહંત અને સિદ્ધભગવંતોને જ હોય છે. શ્રી તીર્થંકરભગવાન અને સામાન્ય કેવળીભગવાન બધાયને ક્ષાયિકભાવ સમાન છે પણ ઔદયિકભાવમાં ફેર છે એટલે કે પવિત્રતામાં સમાનતા છે પણ પુણ્યમાં ફેર છે. શ્રી તીર્થંકરભગવંતો પવિત્રતા અને પુણ્ય બંનેમાં પૂરા હોય છે. તીર્થંકરપ્રભુના ગર્ભ-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણકના મહાન ઉત્સવો દેવ-દેવેંદ્રો ઊજવે છે અને તે પ્રસંગે ત્રણ લોકમાં આશ્ચર્યયુક્ત ખળભળાટ થાય છે. એવા તીર્થંકર થનાર જીવને પણ કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ પ્રગટ્યા પછી જ તીર્થંકરપણું હોય છે. ગૃહસ્થપણામાં કે છદ્મસ્થપણામાં ક્ષાયિકસમ્યક્ત્વ હોઈ શકે, પણ કેવળજ્ઞાનરૂપ ક્ષાયિકભાવ કોઈ જીવને હોતો નથી.

બાકીના ત્રણ ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિકભાવો સંસારી જીવોને જ હોય છે, મુક્ત જીવોને હોતા નથી. આ ઔદયિકાદિ ત્રણે ભાવો વિકારી કે અધૂરા છે તેથી તે છદ્મસ્થ સંસારી જીવોને જ હોય છે. કેવળીભગવાનને ઔપશમિક કે ક્ષાયોપશમિકભાવ તો હોતા જ નથી; અને અઘાતિકર્મોના ઉદયનિમિત્તે જે ઔદયિકભાવ છે તેની મુખ્યતા નથી, કેમ કે મોહનો અભાવ હોવાથી અઘાતિકર્મોનો પણ ક્ષય જ થાય છે. તેથી તેમને ક્ષાયિકભાવની જ મુખ્યતા છે.

હવે આ ઔદયિકાદિ પાંચ ભાવોમાંથી કોની ભાવના કરવાથી મુક્તિ થાય છે તે આચાર્યભગવાન જણાવે છે. 'પૂર્વે કહેલા ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ ચારે ભાવો આવરણસહિત હોવાથી મુક્તિનું કારણ નથી. ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ નિરંજન નિજ પરમપારિણામિકભાવની ભાવના કરવાથી જ મોક્ષાર્થીજીવો પંચમ ગતિને પામે છે, પામશે ને પામ્યા છે.'

સુદષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.

આ વાત ઘણી સરસ અને મૂળ પ્રયોજનભૂત છે. ‘ક્ષાયિકભાવ પણ મોક્ષનું કારણ નહિ’ આ વાત સ્વભાવદૃષ્ટિની છે. જોકે ક્ષાયિકભાવ પોતે મુક્તસ્વરૂપ છે. પરંતુ તે ક્ષાયિકભાવની ભાવના કરવાથી મુક્તિ થતી નથી. ત્રિકાળ પારિણામિકસ્વભાવની ભાવનામાં લીન થતાં સહેજે ક્ષાયિકભાવ પ્રગટે છે. આથી આચાર્યદેવ કહે છે કે તે પરમપારિણામિકભાવની ભાવના જ મુક્તિનું કારણ છે, અન્ય ચારે ભાવોની ભાવના તે મુક્તિનું કારણ નથી. ‘હું પુરુષાર્થ કરું, હું મારી મુક્તદશા પ્રગટ કરું’ એવા વિકલ્પ તે ઔદયિકભાવ છે—વિકાર છે, તે વિકલ્પ કરવાથી પુરુષાર્થની જાગૃતિ થતી નથી, પણ પર્યાયનું લક્ષ છોડીને પૂર્ણ સ્વભાવના આશ્રયે પરિણમતાં મુક્તિ થાય છે. ક્ષાયોપશમિક ને ઔપશમિકભાવ પણ અપૂર્ણદશા છે, તેનો આશ્રય કરવામાં રોકાય તો શુદ્ધતા થતી નથી અને ક્ષાયિકભાવનો આશ્રય કરીને રોકાય તોપણ વિકારની જ ઉત્પત્તિ થાય છે. આ અપેક્ષાએ તે ચારે ભાવો મુક્તિનું કારણ નથી–એમ સમજવું. તે ચાર ભાવોનો આશ્રય છોડીને પૂર્ણ સ્વભાવનો આશ્રય કરતાં સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવો પ્રગટીને મુક્તિ થાય છે. માટે તે સ્વભાવ જ મુક્તિનું કારણ છે અને મુમુક્ષુઓએ તે શુદ્ધ આત્મસ્વભાવનો જ આશ્રય કરવાયોગ્ય છે.

અહીં ઔદયિકાદિ ચારે ભાવોને ‘સાવરણ’ કહ્યા છે; જો કે ક્ષાયિકભાવમાં તો વર્તમાન કાંઈ આવરણ નથી છતાં તેનેય આવરણ સહિત કહ્યો છે, કેમ કે તેમાં પણ ‘પહેલાં આવરણ હતું અને તે ટળ્યું ત્યારે ક્ષાયિકભાવ પ્રગટ્યો’—એવી આવરણની અપેક્ષા લાગે છે. આત્માનો જે ત્રિકાળી પારિણામિકસ્વભાવભાવ છે તેને આવરણની કે આવરણના અભાવની અપેક્ષા લાગતી નથી, ‘પહેલાં આવરણ હતું ને પછી ટળ્યું અથવા તો પહેલાં તે ભાવ આવરણવાળો–અપ્રગટરૂપ હતો ને પછી આવરણ ટળતાં પ્રગટ થયો’ એવી અપેક્ષા તેને નથી; તે સદાય સહજ જ્ઞાન-શ્રદ્ધા-શાંતિ વગેરે અનંત ગુણોથી એક સ્વરૂપે ભરેલો છે, ધ્રુવ-અવિનાશીરૂપ છે, ત્રિકાળ એકરૂપે રહેનારો નિરંજનભાવ છે, કદી તે બદલતો નથી, તે ઉત્પાદ-વ્યયરૂપ નથી પણ ધ્રુવસ્વરૂપ છે. ક્ષાયિક વગેરે ભાવો તો કર્મની અપેક્ષાવાળા હોવાથી અંજનસહિત અને બદલતી અવસ્થારૂપ છે, માટે તેની ભાવના કરવાથી મોક્ષ થતો નથી.

(ક્રમશઃ)

રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;
રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, શ્રુતજ્ઞાનના વિકલ્પ (ભેદ) છે તે નય છે. તેમનું સ્વરૂપ કહે છે :–

**लोयाणं ववहारं धम्मविवक्खाइ जो पसाहेदि ।**
**सुयणाणस्स वियप्पो सो वि णओ लिंगसंभूदो ।।२६३।।**

અર્થ :—વસ્તુના એક ધર્મની વિવક્ષાથી જે લોકોના વ્યવહારને સાધે તે નય છે અને તે શ્રુતજ્ઞાનનો વિકલ્પ (ભેદ) છે. વળી તે, લિંગ (ચિહ્ન)થી ઊપજ્યો છે.

ભાવાર્થ :—વસ્તુના એક ધર્મની વિવક્ષા લઈ જે લોકવ્યવહારને સાધે તે શ્રુતજ્ઞાનનો અંશ નય છે, અને તે સાધ્યધર્મને હેતુપૂર્વક સાધે છે. જેમ વસ્તુના 'સત્' ધર્મને ગ્રહણ કરી તેને હેતુથી સાધવામાં આવે કે 'પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુ સત્રૂપ છે'. એ પ્રમાણે નય, હેતુથી ઉપજે છે.

**વસ્તુના એક ધર્મની વિવક્ષા લઈને લોકવ્યવહારને સાધે છે, તે શ્રુતજ્ઞાનનો અંશ નય છે. તે સાધ્યધર્મને હેતુથી સિદ્ધ કરે છે, જેમ વસ્તુના સત્ધર્મને ગ્રહણ કરીને તેનો હેતુ સિદ્ધ કરે છે કે 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુ સત્રૂપ છે'—એવો નય હેતુથી ઉત્પન્ન થાય છે.**

**હવે, શ્રુતજ્ઞાનના ભેદ-અંશ જે નય છે, તેનું સ્વરૂપ કહે છે.**

**વસ્તુને એક ધર્મની મુખ્યતાથી જે લોકવ્યવહારને સાધે છે, તે નય છે. જેમ જ્ઞાની કહે છે કે છોકરો સારો છે, સંપત્તિને સંભાળીને રાખશે પરંતુ અભિપ્રાયમાં તો એમ છે કે તેનું આયુષ્ય અને પુણ્ય હશે તો સંપત્તિ રહેશે; માટે તે વાત લૌકિક અપેક્ષાએ છે. વસ્તુ અનંત ધર્મસ્વરૂપ છે, તે પ્રમાણનો વિષય છે, તેને જાણવાવાળું શ્રુતજ્ઞાન પ્રમાણ છે. તે શ્રુતજ્ઞાનનો વિકલ્પ-ભેદ, તે નય છે.**

**સમ્યગ્દૃષ્ટિ નોકર શેઠને કહે છે કે તમારી કૃપાથી મને ધનલાભ થયો પણ તેના અભિપ્રાયમાં તેને ખબર છે કે પુણ્યની યોગ્યતાથી પૈસા તેના સ્વકાળમાં આવે છે પણ એક હેતુને સિદ્ધ કરવા એક પડખાને ગૌણ કરીને બીજાને મુખ્ય કરે છે; આ પ્રમાણે લોકવ્યવહારમાં પણ પ્રયોજનને સાધે છે.**

**ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

જીવના જ્ઞાનગુણની પાંચ પર્યાયો છે, તેમાંથી શ્રુતજ્ઞાનમાં નય હોય છે. નયનું યથાર્થ સ્વરૂપ જૈનદર્શન સિવાય અન્ય ક્યાંય નથી. વસ્તુ અનેકાંતસ્વરૂપ છે, તેનું વાસ્તવિક જ્ઞાન કરવું તે ભાવશ્રુત પ્રમાણ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે, શ્રુતજ્ઞાન તેની એક સમયની પર્યાય છે, તે શ્રુતજ્ઞાનમાં નય પડે છે. નય એટલે વસ્તુના એક અંશને જાણવાવાળું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનનો અંશ નય છે. આત્મા સિવાય અન્ય તો પર છે, તે પરદ્રવ્યોથી ભિન્ન અનંત ધર્મસ્વરૂપ આત્મા એક વસ્તુ છે, તે અનંત ધર્મવાળી વસ્તુના પ્રમાણપૂર્વક તેના એક-એક અંશને જાણવાવાળું નય છે. નય જ્ઞાનનો ઉપયોગ છે, તે એક ધર્મને મુખ્ય કરીને વસ્તુને જાણતા સમયે અન્ય ધર્મોને ગૌણ કરે છે, અન્ય ધર્મોનો હમેશા નિષેધ કરતો નથી.

ત્રિકાળ વસ્તુ શુદ્ધ હોવા છતાં પણ પર્યાયમાં અશુદ્ધતા છે, તેને જાણવું જોઈએ. પર્યાયમાં કેટલી શુદ્ધતા છે અને કેટલો રાગ છે તથા નિમિત્ત કેવું છે? તેનું જ્ઞાન કરવું જોઈએ. આત્માની કંઈ દશા વખતે કેવું નિમિત્ત હોય છે અને કેવા નિમિત્તોનો સંગ છૂટી જાય છે? આ બધી હકીકત જાણ્યા વિના પ્રમાણજ્ઞાન થતું નથી. રાગ પણ પોતાની પર્યાયમાં થાય છે, તે પણ વસ્તુનો એક અંશ છે; તે અંશને પણ (પ્રમાણજ્ઞાન) પોતાના અસ્તિત્વમાં જાણે છે. જો તે અંશને પરનું કારણ માને તો જ્ઞાન પ્રમાણ થતું નથી.

હું સ્વરૂપથી છું અને પરરૂપથી નથી. મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી હું સત્ છું અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી હું અસત્ છું—એમ જાણવું પ્રમાણજ્ઞાન છે અને ત્યાં અસ્તિને મુખ્ય કરીને જાણવાથી નાસ્તિત્વ ગૌણ રહે છે. 'આત્મા છે'—એમ કહ્યું, ત્યાં 'પરરૂપ નથી' એવી નાસ્તિની વાત ગૌણ રહી જાય છે; માટે તે નયનો વિષય છે.

અહીં આગમની શૈલીથી સાત નયોનું વર્ણન કરશે. અધ્યાત્મની દૃષ્ટિએ તો આ સાતેય નય વ્યવહાર છે. અધ્યાત્મદૃષ્ટિમાં તો શુદ્ધ, અભેદ, ત્રિકાળીદ્રવ્ય જ નિશ્ચયનયનો વિષય છે. તેમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનો ભેદ કરવો પણ વ્યવહાર છે. આગમમાં છ દ્રવ્યોનું વર્ણન છે, ત્યાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય નિશ્ચયનો વિષય છે. આત્મા છે તો તેમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે—એવો હેતુ છે. પોતાની અપેક્ષાએ આત્મા સત્ છે પરંતુ પરની અપેક્ષાએ આત્મા અસત્ છે.

કોઈ પૂછે કે—આત્મા છે? તો કહે છે કે હા આત્મા સત્ છે.

ક્યાં હેતુથી?—સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ આત્મા સત્ છે.

કોઈ પૂછે છે કે—આત્મા નથી? તો કહે છે કે હા, આત્મા અસત્ છે.

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,<br>
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.

ક્યાં હેતુથી—પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ આત્મા અસત્ છે.

આ પ્રમાણે નયજ્ઞાનદ્વારા વસ્તુના ધર્મ સિદ્ધ થાય છે.

જુઓ, આ ભાવનાઓમાં દુવિધા નહિ પણ આનંદ છે—આ બાર ભાવનાઓ ભવિકજનને આનંદજનની છે. કારણ કે અંતરંગમાં અખંડ ચિદાનંદસ્વભાવ પર દૃષ્ટિ પડી છે તેના બળથી ધર્મીને દરેક ક્ષણે વીતરાગતા અને આનંદ વધતો જાય છે. વસ્તુસ્વરૂપના અનુસાર આ ભાવનાઓ ભાવવાથી જ્ઞાનની એકાગ્રતા થતી જાય છે, ખેદ મટતો જાય છે, આનંદ વધતો જાય છે.

જેને દેવ-શાસ્ત્ર-ગુરુનું ભાન છે, આત્માનું ભાન છે અને પછી જ્ઞાનની વિશાળતામાં બાર ભાવનાઓનું ચિંતવન કરે છે, ત્યાં શુદ્ધતા વધતી જાય છે. પણ બાર ભાવનાઓમાં એકરૂપ ચિદાનંદસ્વભાવનું અવલંબન છે; અનેકતાનું જ્ઞાન છે પણ એકતાનો અવલંબન છે અભેદ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ રાખીને જ્ઞાનીજન બાર ભાવનાઓને ભાવે છે. જો અભેદ આત્માની દૃષ્ટિ છોડીને માત્ર ભેદની ભાવના ભાવે તો તે અજ્ઞાની છે. તેને સાચી ભાવનાઓ હોતી નથી.

અનેકપણાનું જ્ઞાન કરવું કોઈ દોષ નથી પણ સ્વભાવની એકતાને ચૂકીને એકાંત ભેદનો આશ્રય કરવો, મિથ્યાત્વ છે. વ્યવહારનય જ્ઞાન કરાવવા માટે છે પણ આશ્રય કરવા માટે નથી. જો વ્યવહારના આશ્રયે લાભ માનવામાં આવે તો શુદ્ધ આત્માની દૃષ્ટિ પણ રહેતી નથી એટલે જૈનદર્શન જ રહેતું નથી અને વ્યવહાર છે, તેને જાણે જ નહિ તો એકાંત મિથ્યાજ્ઞાન થઈ જાય છે. વસ્તુસ્વભાવના ભાનપૂર્વક જ્ઞાનમાં આવી અનુપ્રેક્ષા કરવાથી વીતરાગતા વધતી જાય છે.

સાચા જ્ઞાન સહિત વૈરાગ્ય કેવો હોય છે ? તે જાણવો જોઈએ. માત્ર જ્ઞાન-જ્ઞાન કરે અને વૈરાગ્યના ઠેકાણા ન હોય તો તે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. જેમ એકલા ક્રિયાકાંડી મિથ્યાદૃષ્ટિ છે, તેમ એકલા નિશ્ચયના જ્ઞાનની વાત કરે પણ પર્યાયમાં દરેક ક્ષણે સ્વભાવની દૃષ્ટિથી રાગ ઘટાડવો જોઈએ, તેને માને નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુના સ્વભાવને જેમ છે તેમ જાણવાથી પર્યાયમાં ઘણો રાગ ઘટી જાય છે. નિશ્ચય અને વ્યવહાર બંનેને જેમ છે તેમ જાણવું જોઈએ. સાધકદશામાં વ્યવહાર છે, તેને ના ન કહી શકાય અને નિશ્ચયનો આશ્રય છોડી પણ ન શકાય. માટે અહીં નયોનું વર્ણન કરવામાં આવી રહ્યું છે. (ક્રમશઃ) ❋

> ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી
> બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૪, ગાથા - ૨૩)

## નિજાત્માની પ્રાપ્તિનો ઉપાય : નિજાત્માની ઉપાસના

આત્મસ્વભાવમાં વિકાર નથી તો તેનું લક્ષ કરવાથી વિકાર ન થાય. તેમ પુણ્ય-પાપ આદિમાં જ્ઞાન નથી તો તેનું લક્ષ કરવાથી જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાય? ન જ થાય.

આહાહા...! ૨૧મી ગાથાથી તો પૂજ્યપાદસ્વામીએ એકેએક ગાથા રણકાર મારતી ઉપાડી છે. ઈષ્ટ ઉપદેશ છે ને! ચિદાનંદ ભગવાનની સેવા અને એકાગ્રતા કરવાથી જ શાંતિ થાય. બાકી બીજો કોઈ શાંતિનો ઉપાય નથી. આ ઉપદેશ તે જ ઈષ્ટ ઉપદેશ છે. વિકારની સન્મુખતાથી તો ચૈતન્યની જાગૃતિ-શાંતિ રોકાય છે.

જ્ઞાનીના બે અર્થ કહ્યા, હવે અજ્ઞાનના બે અર્થ કહે છે. એક તો શરીર, પુણ્ય-પાપ આદિ અજ્ઞાન છે અને બીજું, જે આત્માને પોતાના આત્માનું જ્ઞાન નથી, સ્વરૂપ વિષે ભ્રાંતિ છે અને શરીર અને શરીરની ક્રિયાથી લાભ માને છે, પુણ્ય-પાપથી લાભ માને છે એવા ભ્રમ સહિત વ્યામોહ ચિત્તવાળા અજ્ઞાની ગુરુની સેવા કરવાથી સેવા કરનારને અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અજ્ઞાનના ત્રણ દોષ છે—મોહ, ભ્રમ અને સંદેહ. અજ્ઞાની ગુરુ પોતે આ દોષોથી સહિત છે તેથી અન્યને પણ તે આ દોષોની પુષ્ટિ કરાવે છે. માટે જેને જન્મ-મરણ કેમ ટળે એ વિષે ભ્રમ છે, અજ્ઞાન છે એવા અજ્ઞાની ગુરુની વાણી સાંભળવાથી, તેમાં એકાગ્રતા કરવાથી સાંભળનારને પણ અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ તો કહે છે કે આત્મા વીતરાગસ્વરૂપ છે. તે એક સમયમાં વીતરાગ થવાની યોગ્યતાવાળો છે, એક એક આત્મા પૂર્ણ થવાને લાયક છે, પૂર્ણ સત્તા-લોકાલોકને જાણવાના સ્વભાવની સત્તા રાખનારો છે. આવા આત્માની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થાય છે. અજ્ઞાની ગુરુ તો બધું ઊંધું મારે છે—આત્માને નામે ભ્રમણા કરે અને કરાવે છે.

ભગવાન આત્મા સહજાનંદમૂર્તિ પ્રભુના અંતરસ્વભાવનું સાધન અંતરમાં પડ્યું છે તેને અન્ય પરસાધનની જરૂર નથી. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિના સાધન વડે જ

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

સ્વભાવની પ્રાપ્તિ થાય છે. આ બધું શ્રી પૂજ્યપાદસ્વામી લખી ગયા છે. તેઓ આભના થોભ જેવા હતા. તેમણે આખા કેવળજ્ઞાનના કંદ ઊભા રાખ્યા છે. ધર્મધુરંધર સંતો હતા. તેની એકએક ગાથા અને એકેએક શાસ્ત્રની વાતો એટલે જાણે સાક્ષાત્ સિદ્ધની વાતો. આવી વાણી દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય ન હોઈ શકે. ''न भूतो न भविष्यति'' જેણે કેવળજ્ઞાન તો હથેળીમાં લઈ લીધું છે, જેમને અલ્પકાળમાં કેવળજ્ઞાન તો હથેળીમાં લઈ લીધું છે, જેમને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાના ભણકાર વાગતા હતા.

શ્રી પૂજ્યપાદસ્વામી, શ્રી પદ્મનંદી આચાર્ય આદિ મહાસંતો ધર્મના ધોરી, પોકાર કરે છે કે ભાઈ ! સાંભળ રે સાંભળ એકવાર ! તારી વીતરાગ શાંતિનું સાધન તારામાં છે બાપુ ! વીતરાગી સંતો તને વીતરાગતાની વાત કહે છે. રાગથી લાભ મનાવે તે વીતરાગી સંતો નથી. વીતરાગતાના સાધકો વીતરાગતા જ બતાવે ને !

પ્રભુ ! તું નિર્વાણનાથ છો. મોક્ષનો સ્વામી છો. સ્ત્રી, પુત્ર, ધન આદિનો સ્વામી તું નહિ. ભાઈ ! તું તારું સ્વામીપણું સ્વીકારી લે. ભગવાન આત્મા એટલે ''ચૈતન્યસૂર્ય'' એ ચૈતન્યસૂર્યની સેવા કરવાથી ચૈતન્યસૂર્ય પર્યાયમાં પ્રગટ થાય. જ્ઞાનની જાગૃતદશા થાય. એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયમાં પ્રાપ્ત થાય.

જ્ઞાનસ્વરૂપ નિજ આત્મા અથવા તો આત્મજ્ઞાનસંપન્ન સત્ પુરુષોની તત્પરતા સહિત સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે—જ્ઞાન સાથે અનંતગુણોની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની પુરુષ શું કહે છે ? શું કહેવા માંગે છે ? એવા અભિપ્રાયને પકડવાની તત્પરતા સહિત સેવાથી સ્વઅર્થ અવબોધરૂપ જ્ઞાન એટલે કે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે.

દેહદેવળમાં બિરાજમાન ભગવાન આત્મા અરૂપી હોવા છતાં પણ સ્વરૂપી છે. અનાદિ અનંત વસ્તુ છે. તેમાં અનંત જ્ઞાન, આનંદ આદિ ગુણો વસ્તુરૂપે-શક્તિરૂપે સ્વભાવરૂપે શાશ્વત બિરાજમાન છે. ગુરુ કહે છે કે પ્રભુ ! તું તેના તરફ ધ્યાન દે. બીજાનું ધ્યાન છોડી દે.

શ્રોતા :—જ્ઞાની શું આપે ?

જ્ઞાની આશીર્વાદ આપે કે તું તારા આત્માની વીતરાગતાને ઓળખ ! નિર્દોષ ચૈતન્યમૂર્તિ ભગવાનને જાણ અને અનુભવ !

**ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

પ્રભુ ! તું મહાન છો—તારું સ્વરૂપ મહાન છે. અખંડ આનંદથી ભરેલો પ્રભુ તું છો. તેનું જ્ઞાન કર ! લીંડીપીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ દાણે દાણે ભર્યો છે તેમ આ આત્માના દાણે-દાણામાં પ્રદેશે પ્રદેશે આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ ભર્યા છે તેનું જ્ઞાન કર !

શ્રોતા :-જ્ઞાનની સેવા કરવાથી જ્ઞાન મળે અને જ્ઞાનીની સેવાથી પણ જ્ઞાન મળે ?

જ્ઞાની એટલે રાગ રહિત ચૈતન્યમૂર્તિ તે જ્ઞાની. શરીરવાળા કે રાગવાળા જ્ઞાની નથી. જ્ઞાનસ્વરૂપ જ્ઞાનીને જે ઓળખે તેને જ્ઞાન થાય અને મોક્ષ થાય.

જીવને પોતાના સ્વરૂપની મહિમાની ખબર નથી એટલે એક બીડીના ઠૂંઠામાં કે મીઠી દાળમાં કે એવા અનુકૂળ સંયોગોમાં મહિમા માનીને સંતોષાઈ જાય છે. પણ જો એકવાર સ્વભાવદૃષ્ટિ કરે અને મહિમા આવી જાય તો પછી તે પર તરફ જોવા પણ ન રોકાય. પરચીજની મહિમા પછી તેને કોઈ કાળે ન આવે.

આ તો જુદી જાતની નિશાળ છે. લોકોને આ લાકડીમાં જાદુ હશે તેથી બધા પૈસાવાળા થઈ જાય છે એવું લાગે છે પણ ભાઈ ! જાદુ તો ચૈતન્યમાં છે. પૂર્ણ આનંદનો નાથ તો તું પોતે છે તો બહાર સંયોગમાં ક્યાં સુખ શોધવા જાય છે ? ત્યાં સુખ જ નથી તો મળે ક્યાંથી ?

અહા ! બે ને બે ચાર જેવી સ્પષ્ટ વાત છે. આ કોઈ પક્ષની કે વાડાની વાત નથી. શ્રી પૂજ્યપાદસ્વામીએ ટૂંકામાં ઘણું ભરી દીધું છે.


બનારસીદાસ બંધ અધિકારમાં લખે છે કે કોઈ લોકો ભગવાનની મૂર્તિ બનાવીને પૂજે છે, કોઈ પહાડ ઉપર ચડીને ભગવાનને ભજે છે, કોઈ આસમાન ઉપર તો કોઈ જમીન નીચે ભગવાનને શોધે છે. એ બધાં પરચીજોમાં ભગવાનપણું શોધે છે. પણ મને તો મારો ભગવાન મારામાં જ મને સ્પષ્ટ દેખાય છે. મારો ભગવાન ક્યાંય દેશાંતર ગયો નથી. મારી પાસે જ છે. તેને હું ભજું છું, અનુભવું છું.

જેને સર્વ જ્ઞાનીઓ અનુમોદે છે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના આશ્રયથી પ્રગટે છે. તેનું ફળ અવિનાશી કેવળજ્ઞાન છે. જે એકવાર પ્રગટ થયું તેનો કદી નાશ ન થાય માટે કહે છે કે અવિનાશીની સેવાથી પર્યાય પ્રગટ થાય. (ક્રમશઃ) ❊

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૩)

## અજીવથી જીવની ભિન્નતા; અને તે સંબંધમાં જીવની ભૂલ

पुद्गल नभ धर्म अधर्म काल, इनतैं न्यारी है जीव चाल।
ताको न जान विपरीत मान, करि करै देहमें निज पिछान।।३।।

ઉપયોગસ્વરૂપ જીવ છે; તે સિવાયનાં પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ ને કાળ—એ પાંચ અજીવ છે. જીવની ચાલ તે અજીવથી ન્યારી છે. અજીવ દ્રવ્યોથી જીવદ્રવ્ય જુદું, જીવનાં ગુણો જુદા ને જીવની પરિણતિ જુદી, એમ સર્વ પ્રકારે અજીવથી ભિન્નતા છે. પાંચ અજીવ દ્રવ્યોમાં ક્યાંય ઉપયોગ નથી, આત્મા જ ઉપયોગરૂપ છે. જેમ સાકર મીઠી છે તેમ જીવ ઉપયોગમય છે; એની ચાલ, એની દશા બધાથી ન્યારી છે, તેનો સ્વભાવ ન્યારો છે. એને ન ઓળખતાં, દેહને જીવ તરીકે અજ્ઞાની માને છે તે મિથ્યાત્વ છે. ઉપયોગમાં નિજ પિછાણ કરવાને બદલે દેહમાં (દેહ તે હું–એમ) નિજ પિછાણ કરી, પોતાને ઉપયોગરૂપ ન માનતાં દેહરૂપ માન્યો; હું બાળક, હું યુવાન, હું કાળો, હું ધોળો, હું ખાઉં, હું બોલું–એમ દેહને જ જીવ માન્યો, પણ તેનાથી તદ્દન જુદી પોતાની ઉપયોગચાલને જીવે જાણી નહિ. શરીરની ચાલ તો જડરૂપ છે, ને જીવની ચાલ તો ચેતનરૂપ છે. ચેતનરૂપ ચાલ એટલે કે ચેતનરૂપ ક્રિયા જગતના બીજા કોઈ પદાર્થમાં નથી. ચાલ એટલે સ્વભાવ, પરિણતિ, ક્રિયા. જીવ અને અજીવ બંનેની ચાલ, બંનેના સ્વભાવ, બંનેની ક્રિયા તદ્દન ન્યારી છે. આવા ભેદજ્ઞાનરૂપ વીતરાગવિજ્ઞાન વગર મિથ્યાત્વને વશ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.—એ જીવની ભૂલ છે.

જીવ પોતાની ભૂલ ન જોતાં કર્મને માથે ઢોળે છે. પણ ભાઈ, એ જડ કર્મને તો કાંઈ ખબર પણ નથી કે 'અમે જડ છીએ ને જીવને દુઃખ દઈએ!' એ કર્મનેય જાણનારો તો આ જીવ, તે ભૂલથી એમ માની બેઠો કે આ કર્મ મને હેરાન કરે.–એ તો, જેમ પત્થરના પૂતળાને કે ઝાડને બાથ ભીડીને કોઈ મૂરખો એમ રાડું પાડે કે અરે! આણે મને પકડ્યો,–

અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.

એના જેવું છે. શરીરને જાણતાં 'આ શરીર જ હું' એમ અજ્ઞાની માને છે. ભાઈ, તું ચેતન, ને એ જડ!–એનો મેળ ક્યાંથી થયો? બંને જુદાં જ છે. અરે! પોતાના ભાવમાં મિથ્યાત્વ શું છે–એનીયે જીવને ઓળખાણ નથી. બસ, અરિહંતનું નામ લીધું ને કુદેવને ન માન્યા માટે મિથ્યાત્વ છૂટી ગયું,–એમ નથી. અરિહંતનું નામ લ્યે છે પણ અરિહંતદેવે કહેલાં તત્ત્વોને તો જાણતો નથી. અર્હન્તદેવે કહેલી જીવ–અજીવની ભિન્નતાના ભાન વગર મિથ્યાત્વ મટે નહિ ને ખરેખર અર્હન્તદેવને માન્યા કહેવાય નહિ. અર્હન્તદેવને ઓળખે ને મિથ્યાત્વ ન ટળે એમ બને નહિ.

મિથ્યાત્વ એટલે તત્ત્વની ઊંધી માન્યતા, તે દુઃખરૂપ છે, ને સંસારભ્રમણનું કારણ છે, તેથી તે છોડવા માટે તેની ઓળખાણ કરાવે છે. મિથ્યાદષ્ટિને શરીરમાં જ 'અહં' થઈ ગયું છે, પણ એનાથી ભિન્ન પોતાની ચૈતન્યજાતને તે દેખતો નથી. જીવ અને અજીવના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ-ભાવ બધું ભિન્ન છે,–એમ જ્ઞાન કરે તો મિથ્યાત્વ મટે ને ચાર ગતિના ભવ-ભ્રમણનાં દુઃખ છૂટે.

ઉપયોગસ્વરૂપ ચિન્મૂર્તિ જીવ. એ સિવાયનાં પાંચ દ્રવ્યો અજીવ છે—

પુદ્ગલઃ—શરીર, ભાષા એ બધી પુદ્ગલની રચના છે; તે મૂર્ત છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તેનો સ્વભાવ છે.

ધર્માસ્તિકાય નામનું એક અરૂપી જડ દ્રવ્ય આખા લોકમાં ફેલાઈને રહેલું છે; માછલાંને પાણીની માફક આ દ્રવ્ય જીવ-પુદ્ગલોના ગમનમાં નિમિત્ત છે.

અધર્માસ્તિકાય નામનું એક અરૂપી જડ દ્રવ્ય આખા લોકમાં ફેલાઈને રહેલું છે; પથિકને ઝાડની છાયાની માફક આ દ્રવ્ય જીવ-પુદ્ગલોને સ્થિર થવામાં નિમિત્ત છે.

નભ એટલે આકાશ નામનું એક અરૂપી જડ દ્રવ્ય સર્વ-વ્યાપી છે,–જે સર્વે પદાર્થોને રહેવામાં નિમિત્ત છે. આંખવડે ઉપર જે આકાશ દેખાય છે તે કાંઈ આકાશદ્રવ્ય નથી, તે તો પુદ્ગલ–સ્કંધોની રચના છે. અરૂપી આકાશ આંખથી દેખાય નહિ. તે આકાશ તો ઉપર–નીચે બધી દિશામાં સર્વત્ર છે.

કાળ નામના અસંખ્ય અરૂપી જડ દ્રવ્યો લોકમાં સર્વત્ર રહેલાં છે; કુંભારના ચાકડાને ખીલીની માફક પદાર્થોના પરિણમનમાં તે નિમિત્ત છે.

**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.**

જીવ સિવાયનાં આ પાંચે દ્રવ્યો અચેતન છે, તેમનામાં ઉપયોગ નથી; ઉપયોગ વડે જીવની અધિકતા છે, જીવની ચાલ તે બધાથી જુદી છે. જીવમાં જ જાણવાનો સ્વભાવ છે, બીજા કોઈમાં નથી.

અહો, જીવ અને અજીવની કેટલી સ્પષ્ટ ભિન્નતા છે! પણ જીવ તેને જાણતો નથી ને વિપરીત માને છે. શરીર કે ભાષા તે હું નહિ., હું તો જ્ઞાન છું, શરીર હું નહિ પણ શરીરનો જાણનાર હું છું;—આમ જાણવાના સ્વભાવરૂપે પોતાને ઓળખતાં મિથ્યાત્વ મટે છે.

જીવાદિ તત્ત્વોના સ્વરૂપને વિપરીત માનીને મિથ્યાત્વના સેવનથી જીવ દુઃખને ઉત્પન્ન કરે છે; દેહમાં આત્મબુદ્ધિ કરી કરીને દુઃખી થાય છે. જેમ અરીસામાં દેખાતા પ્રતિબિંબને જ કોઈ મૂર્ખ પોતાનું રૂપ માને ને તે પ્રતિબિંબનો નાશ થતાં પોતાનો પણ નાશ માનીને દુઃખી થાય, તેમ અજ્ઞાની આ દેહને પોતાનું સ્વરૂપ માને છે. હું મનુષ્ય, હું પુરુષ એમ માનીને શરીરની ચેષ્ટાઓને પણ પોતાની માને છે, તે જીવસંબંધી મોટી ભૂલ છે; જાણનાર સ્વભાવ આત્મા છે તેની ચાલ જડ દેહથી જુદી છે, તેને જુદા ન જાણતાં એકબીજામાં ભેળસેળ કરીને એકમેક માને છે, જડ કર્મને બાંધનારો આત્મા, જડ શરીરને ચલાવનારો આત્મા, ઈન્દ્રિયોવાળો આત્મા,—એમ જડથી આત્માને ઓળખે છે—તે ઓળખાણ સાચી નથી. જીવને ઉપયોગસ્વરૂપે ઓળખવો તે જ સાચી ઓળખાણ છે. ને એવી ઓળખાણ કરે ત્યારે જ અરિહંત—સિદ્ધ વગેરેની સાચી ઓળખાણ થાય છે.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ) (દ્વાદશ અનુપ્રેક્ષા)

શુદ્ધોપયોગથી જીવને ધર્મધ્યાન અને શુક્લધ્યાન થાય છે તેથી ધ્યાન સંવરનું કારણ છે એમ નિરંતર વિચારવું જોઈએ. ૬૪.

जीवस्स ण संवरणं परमट्ठणएण सुद्धभावादो ।
संवरभावविमुक्कं अप्पाणं चिंतए णिच्चं ।।६५।।

પરમાર્થનય—નિશ્ચયનયથી જીવને સંવર નથી કેમકે તે શુદ્ધભાવથી સહિત છે. તેથી આત્માને સદાય સંવરભાવથી રહિત વિચારવો જોઈએ. ૬૫.

આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

### સ્વાનુભવદશાનો મહિમા અને વચ્ચેના બાધકભાવનું વર્ણન

આ આત્માના અનુભવની વાત ચાલે છે. આત્મા જ્ઞાન-આનંદ વગેરે અનંત શક્તિનો પિંડ છે. તેના જ્ઞાન-દર્શનનો ઉપયોગ સ્વમાં વળતાં અંદર આત્માને જાણવા-દેખવાની ક્રિયા થાય, તથા તેમાં ચારિત્રની સ્થિરતા થતા આનંદનો અનુભવ થાય. જ્ઞાન-દર્શન સ્વમાં વ્યાપ્ય-વ્યાપક થઈને જાણે, ત્યાં રાગનું પણ જ્ઞાન થઈ જાય છે. પણ જ્ઞાન તે રાગમાં વ્યાપતું નથી. સમ્યગ્દષ્ટિને સ્વનું જાણવું, સ્વનું દેખવું ને સ્વમાં સ્થિરતા—એવા પરિણામ વડે નિજ આનંદનો સ્વાદ આવે છે. આથી નિજ સ્વાદદશાનું નામ સ્વાનુભવ છે.

આત્માની શક્તિમાં જે આનંદ ને શાંતિ છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર વડે તે આનંદનો પ્રગટ અનુભવ થાય—તેનું નામ સ્વાનુભવ દશા છે. તે સ્વાનુભવ થતાં નિર્વિકલ્પ સમ્યક્ત્વ ઊપજે છે. અંતરમાં વસ્તુ અનંતગુણનો પિંડ છે, તે પોતે પોતામાં અંતરવ્યાપાર કરે ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે ને વસ્તુને ભૂલીને એકલા પરમાં જ્ઞાન-દર્શનનો વેપાર કરે તો તે મિથ્યા છે. સ્વાનુભવ કહો કે નિર્વિકલ્પ દશા કહો—એ એક જ છે.

પ્રશ્ન :—સ્વાનુભવ અને નિર્વિકલ્પદશા—એવાં બે જુદાં નામ કેમ પડ્યાં?

ઉત્તર :—અંતરમાં સ્વસન્મુખ અનુભવની અપેક્ષાએ તેને સ્વાનુભવ કહ્યો ને ત્યાં બુદ્ધિપૂર્વક વિકલ્પ ન રહ્યો તે અપેક્ષાએ તેને નિર્વિકલ્પદશા કહી. વળી તેમાં જ્ઞાન-દર્શન અંતરમાં સ્વસન્મુખ વળેલાં છે, તેથી તેને આત્મસન્મુખ ઉપયોગ કહેવાય છે. તથા તેને જ ભાવમતિ અને ભાવશ્રુત પણ કહેવાય છે. અથવા તેને જ સ્વસંવેદન કહો અને તે જ વસ્તુમાં મગ્નતારૂપ ભાવ છે. દ્રવ્યસંગ્રહમાં ઘણા નામો વર્ણવ્યા હતાં. તેને જ સ્વઆચરણ કહેવાય છે. દયા-ભક્તિ વગેરે રાગપરિણામ, તે પર-આચરણ છે. ને ઉપયોગ અંતરમાં એકાગ્ર થયો તે સ્વ-આચરણ છે. તે જ સ્થિરતા છે, તે જ વિશ્રામ છે. રાગ તે અસ્થિર

નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદૃષ્ટિને,
તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.

અને અવિશ્રામરૂપ છે. વળી સ્વસુખ કહો કે ઈન્દ્રિય મનાતીત એવો અતીન્દ્રિયભાવ કહો, શુદ્ધોપયોગ કહો કે સ્વરૂપ-મગ્નભાવ કહો—તે જ નિશ્ચયભાવ છે, રાગાદિ વ્યવહારનયનો ભાવ તેમાં અભાવ છે. તે સ્વરસસામ્યભાવ છે, તે જ સમાધિભાવ છે, તે જ વીતરાગભાવ છે. સ્વભાવસન્મુખભાવમાં રાગાદિનો અભાવ છે, રાગાદિ તો અસમાધિ છે, પરરસ છે અને સ્વસન્મુખભાવમાં વીતરાગતા, સ્વરસ અને સમાધિ છે.

વળી તે જ અદ્વૈત એવા આત્મસ્વભાવને અવલંબનારો ભાવ છે, તે જ ચિત્તનિરોધરૂપ ભાવ છે, તે જ નિજધર્મરૂપ ભાવ છે અને તે જ યથાસ્વાદરૂપભાવ છે. તેમાં જેવો સ્વભાવ છે તેવો સ્વાદ આવ્યો. આ પ્રમાણે સ્વાનુભવદશાનાં ઘણાં નામો છે.

ધર્મની વિધિ શું છે? તે પહેલાં સમજવું જોઈએ. અંતરમાં ચિદાનંદ સ્વભાવની રુચિ અને નિર્ણય કરવો તે માર્ગ છે. કઠણ માનીને મુંઝાવું ન જોઈએ. આત્માની સ્વાનુભવદશાનાં અનેક નામો છે. પણ તેમાં એક સ્વઆસ્વાદરૂપ અનુભવદશા તે મુખ્ય નામ છે. સુખનો રસિયો જીવ પર તરફ ઝાંવાં નાખે, તેને બદલે સ્વ તરફ વળીને અનુભવ કરે તો આત્માના આનંદનો સ્વાદ આવે, માટે તેને સ્વાદરૂપ અનુભવદશા એવું મુખ્ય નામ આપ્યું. આનંદના અનુભવની મુખ્યતા છે, આનું નામ ધર્મ છે, તે પ્રગટવાનું સાધન શું? ગમે તેવા સંયોગો કે વિકલ્પની વૃત્તિ હો પણ તે કોઈ ધર્મનું સાધન નથી. ધર્મનું સાધન તો અંતરમાં અદ્વૈત ચૈતન્યસ્વભાવનું અવલંબન કરવું તે જ છે.

ચોથા ગુણસ્થાને રહેલા અવિરત સમ્યગ્દષ્ટિને નિર્વિકલ્પ સ્વાનુભવદશાનો કાળ અલ્પ છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અલ્પકાળ-લઘુ અંતર્મુહૂર્ત જ રહે છે, અને તે અનુભવ લાંબા કાળે થાય છે તેના કરતાં પાંચમા ગુણસ્થાનવાળા સાચા શ્રાવકને નિર્વિકલ્પ અનુભવનો કાળ વધારે છે. તેને બે કષાયો ટળી ગયા છે. એટલે સ્થિરતા પણ વધી છે ને નિર્વિકલ્પ ઉપયોગનો કાળ પણ વધ્યો છે.

પ્રશ્ન :—ચોથા ગુણસ્થાનવાળો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય તો?

ઉત્તર :—તેની સાથે સંબંધ નથી. ચોથાવાળો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય ને પાંચમાં ગુણસ્થાનવાળો ક્ષયોપશમ સમકિતી હોય તોપણ તેને સ્થિરતા વધારે છે અને તેને વારંવાર નિર્વિકલ્પ ઉપયોગ થાય છે.

વળી તે પાંચમાં ગુણસ્થાનવાળા શ્રાવક કરતાં પણ સર્વવિરતિ મુનિરાજને

> હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,
> તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.

સ્વાનુભવ દીર્ઘકાળ સુધી રહે છે. વારંવાર સાતમું ગુણસ્થાન આવ્યા જ કરે. ભોજનકાળે પણ વચમાં નિર્વિકલ્પદશા થઈ જાય. ભાવલિંગી સંતોને ધ્યાનમાં સ્વાનુભવ તેમ જ નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે.

ચોથા ગુણસ્થાને આત્માનો નિર્વિકલ્પ આનંદ પણ થોડો ને કાળ પણ થોડો, પાંચમે તેથી વિશેષ અને મુનિને તેથી પણ વિશેષ હોય છે. પંચમહાવ્રતના પરિણામ થાય છે તે પણ રાગ છે તે રાગમાંથી પણ ખસીને અંતરની નિર્વિકલ્પદશા વધતી જાય છે.

જેમ જેમ આગળ વધતા જાય તેમ તેમ નવા નવા વિશેષ નિર્મળ પરિણામ થતાં આનંદનો અનુભવ વધતો જ જાય છે. કર્મધારાથી નીકળીને એટલે કે રાગ તોડતો અને સ્થિરતા વધારતો જેમ જેમ આગળ વધે છે તેમ તેમ આનંદ વધતો જાય છે એ પ્રમાણે ક્ષીણમોહદશા સુધી સમજવું.

હે ભવ્ય! તું એક બીજી વાત સાંભળ! આ સ્વાનુભવદશા તે સ્વસમયરૂપ સુખ છે, તે શાંતિ-વિશ્રામરૂપ છે, તે સ્થિરરૂપ છે, તેમાં નિજ કલ્યાણ છે. તેમાં ચેન અને તૃપ્તિ છે, તેમાં સમભાવ છે, તે જ સુખ મોક્ષપંથ છે. આ સિવાય વિકલ્પ અને રાગ તે પરસમય છે. તે અવિશ્રામભાવ છે, તે અસ્થિરરૂપ છે, તેમાં કલ્યાણ નથી.

શ્રી સમયસારની ૨૦૬ મી ગાથામાં પણ કહ્યું છે કે—

“આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.

એટલો જ સત્ય આત્મા છે જેટલું આ જ્ઞાન છે—એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ પામ; એટલું જ સત્ય કલ્યાણ છે. જેટલું આ જ્ઞાન છે—એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ, એટલું જ સત્ય અનુભવનીય છે જેટલું આ જ્ઞાન છે— એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ. એમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે, અને તે સુખ તે ક્ષણે જ તું સ્વયમેવ દેખશે. બીજાઓને ન પૂછ.” (ક્રમશઃ) ❋

પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૯) સંવરાનુપ્રેક્ષા

चलमलिनमगाढं च वज्जिय, सम्मत्तदिढकवाडेण ।
मिच्छत्तासवादारणिरोहो होदित्ति जिणेहि णिद्दिट्ठं ।।६१।।

ચલ, મલિન અને અગાઢ દોષને છોડીને સમ્યક્ત્વરૂપી દૃઢ કપાટો (કમાડો)થી મિથ્યાત્વરૂપી આસ્રવદ્વારનો નિરોધ થઈ જાય છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

ભાવાર્થ :—ચલ, મલિન અને અગાઢ એ સમ્યગ્દર્શનના દોષ છે. એનો અભાવ થઈ જવાથી સમ્યગ્દર્શનમાં દૃઢતા આવે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર આસ્રવ છે. અહીં મિથ્યાત્વના નિમિત્તે થતા આસ્રવને દ્વારની તથા સમ્યગ્દર્શનને સુદૃઢ કમાડની ઉપમા આપી છે અને તે ઉપમાથી કહ્યું છે કે સમ્યગ્દર્શનરૂપી સુદૃઢ કમાડોથી મિથ્યાત્વના નિમિત્તે થવાવાળા આસ્રવરૂપ દ્વારનો નિરોધ થઈ જાય છે. આસ્રવનું રોકાવું તે જ સંવર કહેવાય છે. ૬૧.

पंचमहव्वयमणसा अविरमणणिरोहँ हवे णियमा ।
कोहादि आसवाणं दाराणि कसायरहियपल्लगेहि ।।६२।।

પંચમહાવ્રતોથી યુક્ત મનથી અવિરતિરૂપ આસ્રવનો નિરોધ નિયમથી થઈ જાય છે અને ક્રોધાદિ આસ્રવનું દ્વાર કષાયના અભાવરૂપ ફાટકોથી રોકાઈ જાય છે—બંધ થઈ જાય છે. ૬૨.

सुहजोगस्स पवित्ती संवरणं कुणजि असुहजोगस्स ।
सुहजोगस्स णिरोहो सुद्धुवजोगेण संभवदि ।।६३।।

શુભયોગની પ્રવૃત્તિ, અશુભયોગનો સંવર કરે છે અને શુદ્ધોપયોગથી શુભયોગનો નિરોધ થઈ જાય છે. ૬૩.

सुद्धुवजोगेण पुणो धम्मं सुक्कं च होदि जीवस्स ।
तम्हा संवरहेदू झाणो त्ति विचिंतए णिच्चे ।।६४।।

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

# સુંદર માર્ગ

અહો, જિનભગવાને કહેલો શુદ્ધરત્નત્રયરૂપ માર્ગ મહા સુંદર છે. પોતાના પરમ તત્ત્વમાં સર્વથા અંતર્મુખ, અને પરદ્રવ્યથી અત્યંત નિરપેક્ષ એવો આ સુંદર માર્ગ સદા આનંદરૂપ છે; હે ભવ્ય! તું આવા માર્ગમાં ભક્તિપૂર્વક સદા પરાયણ રહેજે. મિથ્યાત્વાદિમાં પરાયણ અજ્ઞાની જીવો ઈર્ષાથી આવા સુંદર માર્ગની પણ નિંદા કરે તો તેથી તું ખેદખિન્ન થઈને સ્વરૂપથી વિકળ થઈશ મા. તું તો પરમ ભક્તિથી માર્ગની આરાધનામાં જ તત્પર રહેજે. તું તારા સ્વપ્રયોજનને સાધવામાં તત્પર રહેજે. નિંદા સાંભળીને તારા સ્વપ્રયોજનમાં ઢીલો થઈશ મા. જગતથી નિરપેક્ષપણે તું એકલો એકલો અંદર આવા સુંદર વીતરાગમાર્ગને ઉત્સાહથી સાધજે, પરમ ભક્તિથી સાધજે... સ્વરૂપને સાધવાના ઉલ્લાસભાવમાં મોળપ લાવીશ નહિ.

અહા, કેવો સુંદર માર્ગ! કેવો શાંત-શાંત માર્ગ! આવા સુંદર માર્ગને ઓળખીને તેની ભાવના કરવા જેવી છે, એટલે કે નિજાત્મામાં ઉપયોગ જોડીને શુદ્ધરત્નત્રય પરિણતિ કરવા જેવી છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—પર્યાયમાં પ્રભુતા કેમ પ્રગટે ?

ઉત્તર :—અરે ભાઈ ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો ! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાયભાવો–વિભાવો જ્ઞાનમાં જણાય છે. તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે, જ્ઞાયકની જાતના નથી. તેથી કજાત છે, પર જાત છે, પરજ્ઞેય છે, સ્વજાત–સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

પ્રશ્ન :—આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય ?

ઉત્તર : વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે–પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે ? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત–શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે–બતાવે છે.

પ્રશ્ન :—'જ્ઞાન તે આત્મા'–એમ કહીને ફક્ત જ્ઞાન દ્વારા જ આત્માની ઓળખાણ કેમ કરાવી ? જીવનું મૂળ પ્રયોજન તો આનંદ પ્રાપ્ત કરવાનું છે ને ?

ઉત્તર :—આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે; તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે (દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે). આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે.

પ્રશ્ન :—સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનું માંગલિક કરતાં આચાર્યદેવ કહે છે કે આત્માનો દ્રવ્યસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે એટલે કે ઘણો જ શુદ્ધ છે. અહીં શુદ્ધ શુદ્ધ શબ્દનો પ્રયોગ બે વખત કરવાનો શું આશય છે ?

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.

ઉત્તર :—પ્રથમ તો પરદ્રવ્યથી ભિન્ન હોવાથી શુદ્ધ છે અને રાગથી પણ ભિન્ન હોવાથી શુદ્ધ છે. બંધ ને મોક્ષના વિકલ્પોથી દૂરીભૂત છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સમસ્ત પર્યાયોથી આત્મસ્વભાવ અત્યંત દૂર છે, ઘણો જ દૂર છે, તેથી આત્મસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે.

પ્રશ્ન :—''હું શુદ્ધ છું''–તેનો અર્થ શું?

ઉત્તર :—નર-નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ અને સંવર, નિર્જરા, મોક્ષ—એ નવ તત્ત્વોથી એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે અત્યંત જુદો હોવાથી હું શુદ્ધ છું. આહાહા ! સાધક બાધકની પર્યાયથી પણ અત્યંત જુદો કહ્યો. શરીર આદિથી તો અત્યંત જુદો છે જ, પુણ્ય-પાપ આદિથી પણ અત્યંત જુદો છે જ, પણ સંવર-નિર્જરા-મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ હું એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ વડે અત્યંત જુદો હોવાથી શુદ્ધ છું. આહાહા ! અહીં સમયસારની ગાથા ૩૮માં તો સંવર, નિર્જરા, મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ આત્માને અત્યંત જુદો કહીને દિગંબર સંતોએ અંતરના પેટની વાતો ખુલ્લી કરી છે. આવી વાતો બીજે ક્યાંય નથી. આહાહા ! જગતના ભાગ્ય છે કે આવી વાણી રહી ગઈ છે.

પ્રશ્ન :—ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે આદિ આત્માના આટલા બધા વખાણ કરો છો પણ એ ભગવાન ગયો ક્યાં?

ઉત્તર :—ભગવાન તો છે ત્યાં જ છે પણ એના ભગવાનનું તેને ભાન નથી એથી

ભગવાન તેની નજરમાં આવતો નથી. પોતે ભગવાન સ્વરૂપ કારણપરમાત્મા છે એમ જેને બેસે છે તેને કારણપરમાત્મા છે. પણ જેને પરમાત્મા સ્વરૂપે છું તેમ બેસતું નથી તેને કારણપરમાત્મા ક્યાં છે? તેને તો રાગ ને અલ્પજ્ઞતા જ છે. જેને કારણપરમાત્મા બેસે છે તેને કાર્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે.

પ્રશ્ન :—તો અજ્ઞાનીએ શું કરવું?

ઉત્તર :—અજ્ઞાનીએ પહેલાં વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું, એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. શુભરાગના ક્રિયાકાંડ કરવા તે સાચો ઉપાય નથી.

ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—આ શ્રદ્ધાનો પ્રયોગ કહેવાય કે ચારિત્રનો?

બહેનશ્રીઃ—આ શ્રદ્ધાનો પ્રયોગ છે, હજી તેણે વિકલ્પથી શ્રદ્ધા કરી છે. અંતરમાં યથાર્થ શ્રદ્ધા થઈ એમ ક્યારે કહેવાય? કે જ્યારે ન્યારી પરિણતિ થાય ત્યારે યથાર્થ શ્રદ્ધા થઈ એમ કહેવાય અને તો શ્રદ્ધાનો પ્રયોગ કર્યો એમ કહેવાય. જે યથાર્થ પ્રતીતિ હોય તેની સાથે સ્વરૂપાચરણ ચારિત્ર પણ હોય છે, પરંતુ તે ચારિત્રમાં ગણાતું નથી. વિશેષ લીનતા થાય તેને ચારિત્ર કહેવાય છે. માટે આ શ્રદ્ધાનો જ પ્રયોગ છે. અંદર યથાર્થ પરિણતિ પ્રગટ કરવી તે શ્રદ્ધાનો પ્રયોગ છે. શ્રદ્ધા એટલે આત્માનું જેવું સ્વરૂપ છે તેવી યથાર્થ પ્રતીતિની પરિણતિ,–જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ પ્રગટ થાય તે શ્રદ્ધાની (પ્રતીતિની) પરિણતિ છે. તે પ્રતીતિ સાથે અમુક જાતની લીનતા આવે છે પણ તેને ચારિત્રની કોટીમાં ગણવામાં આવતી નથી.

***પ્રશ્ન*** :—જ્ઞાનીને ઉદયભાવ જુદો દેખાય?

**સમાધાન** :—જ્ઞાનીને જુદો જ દેખાય છે, જુદું જ વેદન છે. આ ક્રોધ જુદો અને જ્ઞાન જુદું એમ જ્ઞાયકની ધારા અને ઉદયધારા બંને જુદી વેદનમાં આવે છે. ઉદયધારામાં પોતે અલ્પ જોડાય છે, પણ વેદનમાં બંનેની જુદી ધારા જ્ઞાનમાં જણાય છે. અંશે જ્ઞાયકધારા–અંશે શાંતિધારા અને ઉદયધારા બંને વેદનમાં છે. હું ચૈતન્ય અખંડ શાશ્વત છું, આ ક્રોધ મારો સ્વભાવ નથી એ રીતે ચૈતન્યને દ્રવ્યદષ્ટિથી જુદો પાડ્યો છે તો દૃષ્ટિ ચૈતન્ય ઉપર છે અને પર્યાયમાં અંશે શાંતિની ધારા અને ઉદયધારા–બેય ધારા જુદી વર્તે છે. સહજ જુદો વર્તે છે. તેને કાંઈ યાદ કરવું પડતું નથી.

***પ્રશ્ન*** :—રુચિ પોતે કરી છતાં પરિણતિ પલટાતી કેમ નથી?

**સમાધાન** :—રુચિની મંદતા પોતાની છે. ઉગ્ર રુચિ થાય તો પરિણતિ પલટાયા વગર રહે જ નહિ. એવી રુચિ થાય છે કે બહારમાં ક્યાંય તેને ચેન પડે નહિ. એવી રુચિ અંદર ઉગ્ર થાય તો પોતે પુરુષાર્થ કર્યા વગર રહેતો નથી.

આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

***પ્રશ્ન*** **:—**ઉગ્ર રુચિના પુરુષાર્થનું સ્વરૂપ સમજાવવા કૃપા કરશો.

**સમાધાન :—**જીવ અનાદિનો અભ્યાસ છે ત્યાં દોડ્યો જાય છે, એટલે વિભાવ સહજ થઈ ગયો છે અને અહીં અંદરમાં દિશા પલટવી છે તે છૂટી જાય છે, કેમકે એટલી રુચિની મંદતા છે, પુરુષાર્થની મંદતા છે. અંદર એટલી લગની લાગી હોય કે બસ, હવે આ ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય....વગરની પરિણતિ મારે જોઈતી જ નથી. ચૈતન્યનું અસ્તિત્વ જ મારે જોઈએ છે, આ વિભાવરૂપ અસ્તિત્વ મારે નથી જોઈતું. એટલી અંદરથી લગની, મહિમા, રુચિ થાય, ઉગ્રતા થાય તો પુરુષાર્થ ટકે છે. નહિ તો પુરુષાર્થ વારેવારે છૂટી જાય છે ને માત્ર વિકલ્પથી રહે પણ અંદરથી ખરેખરું લાગે તો પુરુષાર્થ ટકે, અને તો તેના નિર્ણયનું કાર્ય આવે —પ્રતીતિરૂપે કાર્ય આવે. તેના નિર્ણયમાં એમ આવે કે—આ જ્ઞાયક હું છું ને આ વિભાવ મારાથી જુદો છે, પણ જુદું જુદારૂપે કાર્ય કરે તો પ્રતીતિએ કાર્ય કર્યું કહેવાય. વિભાવનું જુદારૂપે કાર્ય નથી આવતું ત્યાં સુધી યથાર્થ પ્રતીતિ નથી અને નિર્ણય એમ ને એમ બુદ્ધિપૂર્વક રહી જાય છે.

***પ્રશ્ન*** **:—**અનુભવ પહેલાં શું આવવું જોઈએ?

**સમાધાન :—**ભેદજ્ઞાનની ધારાનું કાર્ય આવવું જોઈએ. નિર્વિકલ્પદશાનું જે કારણ છે તે કારણ તેને યથાર્થ થવું જોઈએ. ત્યાર પહેલાં તે અભ્યાસ કર્યા કરે અને છૂટી જાય તો પાછો અભ્યાસ કરે.

***પ્રશ્ન*** **:—**મારી ઉંમર પૂરી થવા આવી છે, તો ટૂંકામાં મારે આત્માનો અનુભવ કરવા શું કરવું જોઈએ તે કૃપા કરી સમજાવશો.

**સમાધાન :—**બધાંને એક જ કરવાનું છે. આચાર્યદેવ કહે છે કે આબાળગોપાળ બધાંને એક જ્ઞાયક આત્મા ઓળખવાનો છે તે એક જ કરવાનું છે. ઘણાં વર્ષો સાંભળ્યું છે, હવે બસ, એક જ્ઞાયક આત્માને ઓળખવો એ જ કરવાનું છે. જ્ઞાયક જુદો છે અને શરીર જુદું છે. વિભાવભાવ ઓળખવાનો પ્રયત્ન કરવો. પોતાનો નથી; તેનાથી પોતે જુદો છે. આત્મા શાશ્વત છે, ઉંમર અને રોગાદિ બધું શરીરને લાગુ પડે છે. આત્માને કાંઈ લાગુ પડતું નથી—એમ આત્માને ઓળખવો કે આત્મા જ્ઞાયક છે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાપૂર્વક અંતરમાં શુદ્ધાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો. બધાંને આ એક જ કરવાનું છે. હું જ્ઞાયકદેવ ભગવાન આત્મા છું, મારા આત્મામાં બધું—સર્વસ્વ છે. હું અદ્‌ભુત, અનુપમ, આનંદથી ને જ્ઞાનથી ભરેલો છું, અનંત પ્રભુતાથી ભરેલો હું ચૈતન્ય છું. એક અદ્‌ભુત તત્ત્વ હું છું. શરીરની ગમે તે અવસ્થાઓ થાય, તે હું નથી. હું તેનાથી જુદો અદ્‌ભુત શાશ્વત ચૈતન્ય છું.—આ રીતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો.

## બાળ વિભાગ


# વિચિત્ર હોનહાર

વાત ખૂબ જ જૂની છે, જ્યારે રામ-લક્ષ્મણ આદિ લંકાને જીતીને અયોધ્યા પધાર્યા ત્યારે તેમનો રાજ્યાભિષેક થયો. ત્યારે અતિ પ્રેમથી તેમણે નાનાભાઈ શત્રુઘ્નને કહ્યું– ‘‘ભાઈ ! તારે જે દેશ પસંદ હોય તે લઈ લો, જો અયોધ્યા પસંદ હોય તો અડધી અયોધ્યા લઈ લો અથવા રાજગૃહી, પોદનપુર આદિ કોઈપણ રાજધાનીમાંથી જે તમને પસંદ હોય ત્યાં રાજ્ય કરો.’’

ત્યારે શત્રુઘ્ને કહ્યું કે–‘‘મને મથુરાનું રાજ્ય આપી દો.’’

રામચંદ્રજીએ કહ્યું કે–‘‘હે ભાઈ ! મથુરા નગરીમાં તો મધુ રાજાનું રાજ્ય છે, તે રાવણનો જમાઈ અને અનેક યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવાવાળો છે, ચમરેન્દ્રે તેને ત્રિશૂલરત્ન આપ્યું છે અને તેનો પુત્ર લવણાસુર પણ મહા શૂરવીર છે, તે બંને પિતા-પુત્રને જીતવા મુશ્કેલ છે. માટે મથુરાને છોડીને બીજા કોઈપણ રાજ્ય તમને પસંદ લાગે તે લઈ લ્યો.’’

શત્રુઘ્ને કહ્યું –‘‘મને તો મથુરા જ આપો, હું રાજા મધુને યુદ્ધમાં મધમાખીના પુડાને જેમ પાડી દઈશ. આમ કહીને તેઓ મથુરા જવા માટે તત્પર થયા.’’



ત્યારે રામચંદ્રજીએ કહ્યું કે–‘‘ભાઈ, તમે મને એક વચન આપતા જાઓ.’’

શત્રુઘ્ને કહ્યું–‘‘વડીલ ! આપ તો મારા સર્વસ્વ છો, પ્રાણ છો, રાજા મધુની સાથે યુદ્ધ કરવા સિવાય તમે જે કાંઈ કહેશો તે સર્વ કાર્ય કરવા હું તૈયાર છું.’’

રામે કહ્યું –‘‘હે અનુજ ! તમે મધુની સાથે યુદ્ધ કરો તે એવા સમયે કરશો કે જ્યારે તેના હાથમાં ત્રિશૂળ રત્ન ન હોય.’’

શત્રુઘ્ને કહ્યું–‘‘હું તમારી આજ્ઞાનું પાલન કરીશ.’’

ત્યાર બાદ જિનેન્દ્રદેવની પૂજા કરીને તથા સિદ્ધ

જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.

ભગવંતોને નમસ્કાર કરીને માતાની પાસે આવીને શત્રુઘ્ને વિદાય માંગી. ત્યારે માતાએ કહ્યું કે "હે વત્સ ! તમારો વિજય થાઓ." માતાએ આવા મંગલકારી આશીર્વાદ આપ્યા, તેને માથે ચડાવીને માતાને નમસ્કાર કરીને ત્યાંથી મથુરા તરફ પ્રયાણ કર્યું. લક્ષ્મણજીએ તેમને સમુદ્રાવર્ત નામનું ધનુષ્ય આપીને કૃતાંકવક્ર નામના સેનાપતિને તેમની સાથે મોકલ્યો.

શત્રુઘ્ન સેના સહિત મથુરાની નજીક આવી પહોંચ્યા અને યમુના નદીને કિનારે પડાવ નાખ્યો. ત્યાં મંત્રીગણ ચિંતા કરવા લાગ્યા કે રાજા મધુ તો મહાન યોદ્ધા છે અને આ શત્રુઘ્ન તો બાળક છે. તે શત્રુને કેવી રીતે જીતી શકશે ? ત્યારે કૃતાંકવક્ર સેનાપતિએ કહ્યું કે—"અરે મંત્રી ! તમે સાહસ છોડીને આવા કાયરતાના વચન કેમ બોલો છો ? જેમ હાથી મહા બળવાન છે અને સૂંઢ વડે મોટા મોટા વૃક્ષોને ઉખાડી ફેંકે છે, તોપણ સિંહ તેને પરાજિત કરી દે છે; આ પ્રમાણે મધુ રાજા મહા બળવાન હોવા છતાં પણ શત્રુઘ્ન તેને અવશ્ય જીતી લેશે." સેનાપતિની વાત સાંભળીને સર્વે પ્રસન્ન થયા. એટલામાં ગુપ્તચરોએ આવીને સમાચાર આપ્યા કે—આ સમયે રાજા મધુ વનક્રિડા કરવા માટે નગર બહાર ઉપવનમાં રહેલ છે. તેને ખબર પણ નથી કે તમે મથુરા જીતવા માટે આવ્યા છો. માટે આ સમયે મથુરા પર સરળતાથી અધિકાર કરી શકાય તેમ છે. આ સાંભળીને શત્રુઘ્ને પોતાના યોદ્ધા સહિત મથુરા નગરીમાં પ્રવેશ કર્યો.

જેમ યોગી કર્મનાશ કરીને સિદ્ધપુરીમાં પ્રવેશ કરે છે, તે જ પ્રમાણે શત્રુઘ્ન દરવાજાઓ તોડીને મથુરાપુરીમાં પ્રવેશ્યા અને આયુધશાળા ઉપર પોતાનો અધિકાર કરી લીધો. આ બધું જોઈને નગરજન ભયભીત થઈ ગયા, પરંતુ શત્રુઘ્ને એમ કહીને તેમને ધૈર્ય બંધાવ્યું કે હવે શ્રીરામનું રાજ્ય છે, તેથી કોઈએ દુઃખી કે ભયભીત થવાની જરૂર નથી. બધા નિર્ભય થઈને રહો.

શત્રુઘ્ને મથુરામાં પ્રવેશ કર્યો છે, આ સાંભળીને રાજા મધુ ક્રોધપૂર્વક ઉપવનથી નગર તરફ આવ્યા; પણ શત્રુઘ્નના યોદ્ધાઓએ તેમને નગરમાં પ્રવેશ થવા દીધો નહિ. જેમ મુનિરાજનું હૃદયમાં મોહનો પ્રવેશ નથી, તેમ રાજા અનેક ઉપાય કરવા છતાં પણ નગરમાં પ્રવેશ કરી શક્યો નહિ. હવે તે ત્રિશૂળ રહિત થઈ ગયો હતો. તોપણ તેણે ઘણી વીરતાપૂર્વક શત્રુઘ્ન સાથે યુદ્ધ કર્યું. યુદ્ધમાં રાજા મધુનો પુત્ર લવણાસુર સેનાપતિ કૃતાંકવક્રના પ્રહારથી મૃત્યુ પામ્યો. પુત્રનું મૃત્યુ જોઈને રાજા મધુ અત્યંત ક્રોધપૂર્વક શત્રુઘ્નની સેના સાથે યુદ્ધ

જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,
આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.

કરવા લાગ્યા; પણ જેમ જિનશાસનના સ્યાદ્વાદી પંડિતની સમક્ષ કોઈ એકાંતવાદી ટકી શકતો નથી તેમ શત્રુઘ્નની વીરતા આગળ મધુ રાજાના યોદ્ધા ટકી ન શક્યા.

શત્રુઘ્નને જીતી શકાય તેમ નથી એમ જાણીને અને પોતાને ત્રિશૂળરત્ન રહિત જાણીને તથા પોતાના પુત્રની મૃત્યુ અને પોતાનું આયુષ્ય ટૂંકું જાણીને મધુ રાજા અત્યંત વિવેકપૂર્વક વિચાર કરવા લાગ્યા કે—"અહો ! સંસારનો બધો જ આરંભ મહા હિંસારૂપ અને દુઃખદાયી છે, માટે સર્વથા ત્યાગવાયોગ્ય છે, મૂઢ જીવ આ ક્ષણભંગુર સંસારમાં સુખ માની રહ્યો છે. આ જગતમાં ધર્મ જ પ્રશંસનીય છે. આ દુર્લભ મનુષ્ય દેહ પામીને જે જીવ ધર્મમાં બુદ્ધિ લગાવતો નથી, તે મોહ દ્વારા ઠગાઈને અનંત સંસારમાં જ પરિભ્રમણ કરે છે.

અરે ! હું પાપી, આ અસાર સંસારને સારરૂપ સમજ્યો, ક્ષણભંગુર શરીરને ધ્રુવ માન્યું અને અત્યાર સુધી આત્મહિત કર્યું નહિ..... જ્યારે હું સ્વાધીન હતો ત્યારે મને સુબુદ્ધિ ન ઉપજી, હવે મારો અંતસમય આવી ગયો છે...સાપ ડસી લે તે સમયે દૂર દેશથી મણિમંત્ર કે ઔષધિ મંગાવવાથી શો લાભ છે ? માટે હવે હું સર્વ ચિંતાઓને છોડીને નિરાકુલરૂપથી પોતાના મનનું સમાધાન કરું."—આમ વિચારીને યુદ્ધમાં હાથી ઉપર બેઠા-બેઠા મધુ રાજા મુનિ થવાની ભાવના ભાવવા લાગ્યા... અને વારંવાર અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુઓને મન-વચન-કાયાથી નમસ્કાર કરવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે અરિહંત-સિદ્ધ-સાધુ તથા કેવળી પ્રરૂપિત ધર્મ જ મંગળરૂપ છે, તે જ ઉત્તમ છે તથા તેનું જ મને શરણ છે.

અઢી દ્વીપની અંદર જે કર્મભૂમિમાં (પાંચ ભરત, પાંચ ઐરાવત, પાંચ વિદેહમાં) જે અરિહંતદેવ છે તે મારા હૃદયમાં વાસ કરો... હું વારંવાર તેમને નમસ્કાર કરું છું..... હવે હું મારા સર્વ પાપોને જીવનાંત સુધી છોડું છું...અનાદિકાળથી સંસારમાં ઉપાર્જિત મારા દુષ્કૃત્ય મિથ્યા થાઓ.. હવે હું તત્ત્વજ્ઞાનમાં સ્થિર થઈને ત્યાગવા યોગ્ય જે રાગાદિક તેનો ત્યાગ કરું છું તથા ગ્રહણ કરવા યોગ્ય નિજભાવ—જિનભાવ, તેને ગ્રહણ કરું છું. જ્ઞાન, દર્શન મારો સ્વભાવ જ છે. તે મારાથી અભેદ છે, અને શારીરિક સમસ્ત પદાર્થ મારાથી ભિન્ન છે.... સંન્યાસ મરણના સમયે ભૂમિ અથવા તૃણાદિનો ત્યાગ તે સાચો ત્યાગ નથી; પણ દોષરહિત—એવા શુદ્ધ આત્માને ગ્રહણ કરવો જ ત્યાગ છે—એવો વિચાર કરીને મધુ રાજાએ બંને પ્રકારના પરિગ્રહોનો ભાવપૂર્વક ત્યાગ કર્યો. (ક્રમશઃ)❋

જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૨-૪૫ થી ૩-૪૫ : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૪૫ થી ૪-૧૫ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

## વૈરાગ્ય સમાચાર :–

* દામનગર નિવાસી (હાલ વાલકેશ્વર) સ્વ. ત્રિવેણીબેન કેશવલાલ કોઠારીના પુત્રવધૂ શીલાબેન ચંદ્રકાંતભાઈ કોઠારી (ઉ.વ. ૭૫) તા. ૨૮-૧૧-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી પ્રજ્ઞાબેન મહેન્દ્રકુમાર શાહ (—તેઓ મરઘાબેન ધીરજલાલ શાહના પુત્રવધૂ) (ઉં.વ. ૭૮) તા. ૧-૧૨-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ વારંવાર સોનગઢ આવી ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ભવનાશક વાણીનો લાભ લેતા હતા.
* વીંછીયા નિવાસી (હાલ મુંબઈ) નીનાબેન બકુલભાઈ શાહ (ઉ.વ. ૬૨)નું તા. ૧૧-૧૨-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સુરેન્દ્રનગર નિવાસી (હાલ કાંદિવલી) શ્રી કાર્તિકભાઈ ઇન્દ્રવદનભાઈ દોશી (ઉ.વ. ૫૪)નું તા. ૧૭-૧૨-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* બોટાદ-સોનગઢના મુમુક્ષુ (હાલ અંધેરી) શ્રી વાડીભાઈ મનસુખલાલ કામદાર (ઉ.વ. ૯૯)નું તા. ૨૧-૧૨-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર – ૨૦૨૨ના ઉત્તર

(૧) દુઃખનું
(૨) સુખી
(૩) એક જ
(૪) મોક્ષને
(૫) મોક્ષમાર્ગ
(૬) નથી.
(૭) સંસારનું
(૮) મોક્ષનું
(૯) ત્વરાથી
(૧૦) આત્માને
(૧૧) શ્રદ્ધા
(૧૨) સ્વરૂપાચરણ
(૧૩) નિર્જરા
(૧૪) સમ્યક્ચારિત્ર
(૧૫) સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર
(૧૬) સમ્યક્દર્શન
(૧૭) મોક્ષમાર્ગ
(૧૮) અનંત, અસંખ્યાત, અનંત
(૧૯) ૧૩મું - ૧૪મું
(૨૦) ૭ થી ૧૨

### શ્રી આદિનાથ ભગવાન દિગંબર જિનમંદિર-રાજકોટ મધ્યે સાનંદ સંપન્ન થયેલ

## શ્રી નંદીશ્વર જિનબિંબ વેદી પ્રતિષ્ઠા મહોત્સવ

વીતરાગ જિનેન્દ્રદેવ પ્રણીત સ્વાનુભૂતિમાર્ગોદ્યોતક ભગવંત કુંદકુંદ-પ્રબોધિત-અધ્યાત્મવિદ્યાના અપ્રતિમ પ્રસારક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર છાયાતળે રાજકોટ મધ્યે શ્રી આદિનાથ દિગંબર જિનમંદિરમાં શ્રી નંદીશ્વર જિનાલયના બાવન ભાવવાહી જિનબિંબની વેદી પ્રતિષ્ઠા તથા સંગેમરમરના પાટીયામાં શ્રી કુંદકુંદાચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટો, શ્રી સમયસાર સ્તુતિ, પૂજ્ય ગુરુદેવશ્રી સ્તુતિની અનાવરણ વિધિ તથા સમયસાર આદિ નવ જિનવાણીની સ્થાપનાનો મંગલ કાર્યક્રમ ઘણા જ ઉત્સાહપૂર્વક હજારો મુમુક્ષુઓની હાજરીમાં ભાવવાહી રીતે સંપન્ન થયો.

આ વેદી પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી સૂર્યકીર્તિ ભગવાનની અધ્યક્ષતામાં શ્રી નેમિનાથ ભગવાન, શ્રી આદિનાથ ભગવાન તથા નંદીશ્વર જિનબિંબો સહિત અત્યંત શોભતો હતો. અતિશય સુંદર કાચનું નંદીશ્વર જિનાલય વિશ્વમાં અદ્વિતીય છે. આ મહોત્સવ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત આદરણીય બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ-વઢવાણના માર્ગદર્શન હેઠળ સહપ્રતિષ્ઠાચાર્યો દ્વારા સંપન્ન થયો. તા. ૨૬-૧૧-૨૦૨૨ થી તા. ૨૮-૧૧-૨૦૨૨ એમ ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વેદીપ્રતિષ્ઠામાં શ્રી નંદીશ્વર જિનાલય પુનઃ રચનાનો લાભ બ્ર. કુંદનબેન પ્રભુલાલ પારેખને તથા વેદીપ્રતિષ્ઠાનો લાભ ડૉ. તરલિકાબેન પ્રવીણભાઈ દોશીને પ્રાપ્ત થયો હતો. ભગવાનના માતા-પિતાનો લાભ શ્રીમતી કલ્પનાબેન તથા રાજુભાઈ વિનોદરાય કામદારને મળ્યો હતો. સૌધર્મ ઈન્દ્રનો લાભ પરેશભાઈ અનિલકુમાર કામદાર તથા શચી ઈન્દ્રાણીનો લાભ શ્રીમતી બોસ્કી કામદારને મળ્યો હતો. આ મહોત્સવની ૧૬ ઈન્દ્ર-ઈન્દ્રાણી, ૧૨ રાજા-રાણી, ૮ અષ્ટકુમારિકા દેવી, ૮ લોકાંતિક દેવ, ૧૦ અચ્યુત ઈન્દ્ર, ૪ ભૂમિગોચરી રાજા વગેરે દ્વારા ઉજવણી થઈ હતી.

મહોત્સવના પ્રથમ દિવસે શાંતિજાપથી શરૂઆત કરી નાંદીવિધાન કળશ સ્થાપના, અખંડ દીપ પ્રદીપન, ધર્મધ્વજારોહણ, પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની ચર્ચા, ઈન્દ્રપ્રતિષ્ઠા, પંચપરમેષ્ઠી વિધાન, ઈન્દ્ર શોભાયાત્રા, અહમિન્દ્ર સભા, ગર્ભકલ્યાણક, ઈન્દ્રસભા, રાજસભા સ્વપ્નદર્શન વગેરે કાર્યક્રમ હતો. બીજા દિવસે જન્મકલ્યાણક, સૌધર્મ ઈન્દ્રનું ભાવવાહી તાંડવ નૃત્ય, યાગમંડળ વિધાન, જલયાત્રા, વેદીશુદ્ધિ, પારણાઝૂલન, નિલાંજના નૃત્ય, દીક્ષાકલ્યાણક, વગેરે રોચક કાર્યક્રમો મુમુક્ષુઓએ ઉત્સાહપૂર્વ માણ્યા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપસ્થિતિમાં થયેલ પંચકલ્યાણક પ્રતિષ્ઠાના પ્રસંગો— જન્માભિષેક, મુનિરાજનું આહારદાન, અંકન્યાસવિધિ, કેવળજ્ઞાનકલ્યાણક વગેરે દશ્યો સ્લાઈડ શો દ્વારા બતાવવામાં આવેલા. જે જોતાં મુમુક્ષુઓ રોમાંચિત થયા હતા. જાણે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની હાજરીમાં પ્રતિષ્ઠા થતી હોય એવું લાગતું હતું. આ પ્રતિષ્ઠામાં ૧૫૦૦થી વધુ દેશ-વિદેશથી આવેલા મુમુક્ષુઓએ તન-મન-ધનથી ઉલ્લસિતભાવે લાભ લીધો હતો. મલાડ, ઘાટકોપર, સનાવદની ભજનમંડળીઓએ ભક્તિ દ્વારા રંગ રાખ્યો હતો. ત્રીજા દિવસે વેદીપ્રતિષ્ઠા, શાંતિયજ્ઞ તથા ભક્તિના કાર્યક્રમ સાથે મહોત્સવ સંપન્ન થયો હતો.

# (૧૧૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા ભાગ-૧-૨ના પ્રકરણ બીજામાંથી મળશે.

(૧) ક્રિયાવતી શક્તિ અને વૈભાવિક શક્તિ એ બંને ગુણો ............ અને .............. દ્રવ્યોમાં જ છે.

(૨) આત્માની શક્તિ-સામર્થ્ય (બળ)ને .................. ગુણ કહે છે.

(૩) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક જે રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણે તેને ................. જ્ઞાન કહે છે.

(૪) અજડત્વ ................ દ્રવ્યનો અનુજીવી ગુણ છે.

(૫) ચેતનાના બે પ્રકાર (૧) ................ અને (૨) ................ છે.

(૬) ચક્ષુઈન્દ્રિય છોડી બાકીની ચાર ઈન્દ્રિયો અને મન દ્વારા મતિજ્ઞાન થયા પહેલા જે સામાન્ય પ્રતિભાસ થાય તેને ................. દર્શન કહે છે.

(૭) ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યમાં અચેતનપણું અને અમૂર્તપણું એ બંને .................... ગુણો એક સાથે હોય છે.

(૮) સર્વ દ્રવ્યમાં હોય તેને ................ ગુણ કહે છે.

(૯) જે શક્તિના કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય તેને ............ ગુણ કહે છે.

(૧૦) જે દ્રવ્યો બીજામાં ભળતા નથી તેમાં ................. ગુણ કારણભૂત છે.

(૧૧) જે શક્તિના કારણે દ્રવ્યમાં અર્થક્રિયા (પ્રયોજનભૂત ક્રિયા) હોય તેને ......... ગુણ કહે છે.

(૧૨) પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ, કાળ દ્રવ્યોનો ................ આ અનુજીવી ગુણ છે.

(૧૩) સર્વ દ્રવ્યોમાં ન હોય અને પોતપોતાના દ્રવ્યમાં હોય તેને .................... ગુણ કહે છે.

(૧૪) છએ દ્રવ્યો તથા તેમનાં ગુણ પર્યાયની સ્વતંત્રતાની મર્યાદા ............ ગુણથી હોય છે.

(૧૫) જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર હોય છે તેને ............. ગુણ કહે છે.

(૧૬) અવધિજ્ઞાનનાં પહેલા થવાવાળા પ્રતિભાસને .................... દર્શન કહે છે.

(૧૭) પ્રાણના બે ભેદ છે. (૧) .................. (૨) ..................

(૧૮) શ્રી આદિનાથ ભગવાન બિરાજતા હતાં ત્યારે આપણે વિદ્યમાન હતા તે આપણાં ................ ગુણના આધારે માનશું.

(૧૯) ગુણોનાં બે પ્રકાર (૧) .................... અને (૨) ................

(૨૦) કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય પ્રતિભાસને .................. દર્શન કહે છે.

## (૧૧૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) સુખસ્વભાવી આત્માને જાણતાં .................. થાય છે.

(૨) ............. જ આત્માનાં અતીન્દ્રિય સુખને જાણે છે.

(૩) સમ્યક્દર્શનાદિ અનંત આનંદમય રત્નો ચૈતન્યનો ................ ખોદતાં તેમાંથી નીકળશે.

(૪) જ્ઞાનીના જ્ઞાનમાં ................ નયો હોય છે.

(૫) સ્વદ્રવ્યના ................ ત્વરાથી થાઓ.

(૬) આત્માના અનુભવ વડે જ .................. માર્ગની શરૂઆત થાય છે.

(૭) વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી ................ નું કારણ છે.

(૮) વીતરાગ વિજ્ઞાન જ ............... નું સાધન છે.

(૯) ................ નયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે.

(૧૦) ............... માં હજારો શાસ્ત્રોનો ભંડાર ભર્યો છે.

(૧૧) ભગવાન સિદ્ધો અને અરિહંતો ................ સાધન વગર જ આત્માના આનંદને અનુભવે છે.

(૧૨) સુખસ્વરૂપી આત્મામાં ............... ને જોડતાં સુખ થાય.

(૧૩) ............... સમ્યક્ત્વ તે સિદ્ધદશામાંય સદાય રહે છે.

(૧૪) નવતત્ત્વને જાણે પણ શુદ્ધાત્માને ન ઓળખે તેને ............. ન થાય.

(૧૫) મોક્ષશાસ્ત્રની સંસ્કૃત ભાષામાં ...................... એ રચના કરી છે.

(૧૬) ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યક્દર્શન સમયસારની ................ મી ગાથામાં કહ્યું છે.

(૧૭) જ્ઞાનચેતનાની અનુભૂતિ તે ............... આત્માનું લક્ષણ છે.

(૧૮) અવિરત સમ્યક્દષ્ટિને ................ કર્મપ્રકૃતિ બંધાતો જ નથી.

(૧૯) વીતરાગી દેવ કોણ ? (૧) ............... (૨) ...................

(૨૦) નિર્ગ્રંથ ગુરુ કોણ ? (૧) ............... (૨) .............. (૩) ................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ડિસેબર-૨૦૨૨ના ઉત્તરો

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૧. સમ્યક્‌દર્શન | ૨. સમ્યક્‌જ્ઞાન | ૩. સમ્યક્‌ચારિત્ર | ૪. સમ્યક્‌તપ |
| (૨) | ૧. અનંતજ્ઞાન | ૨. અનંતદર્શન | ૩. અનંતસુખ | ૪. અનંતવીર્ય |
| (૩) | ૧. જ્ઞાનાવરણીય | ૨. દર્શનાવરણીય | ૩. મોહનીય | ૪. અંતરાય |
| (૪) | ૧. અવગ્રહ | ૨. ઈહા | ૩. અવાય | ૪. ધારણા |
| (૫) | ૧. સ્વરૂપાચરણ ચારિત્ર | ૨. દેશચારિત્ર | ૩. સકલચારિત્ર | ૪. યથાખ્યાન ચારિત્ર |
| (૬) | ૧. આહારદાન | ૨. અભયદાન | ૩. ઔષધદાન | ૪. જ્ઞાનદાન |
| (૭) | ૧. મુનિ | ૨. અર્જિકા | ૩. શ્રાવક | ૪. શ્રાવિકા |
| (૮) | ૧. વ્યંતરદેવ | ૨. ભવનવાસી | ૩. જ્યોતિષી | ૪. વૈમાનિક |
| (૯) | ૧. પ્રકૃતિબંધ | ૨. પ્રદેશબંધ | ૩. સ્થિતિબંધ | ૪. અનુભાગબંધ |
| (૧૦) | ૧. સકામનિર્જરા | ૨. અકામનિર્જરા | ૩. સવિપાકનિર્જરા | ૪. અવિપાક નિર્જરા |
| (૧૧) | ૧. પ્રાગ્ભાવ | ૨. પ્રધ્વંસાભાવ | ૩. અન્યોન્યાભાવ | ૪. અત્યંતાભાવ |
| (૧૨) | ૧. ઋજુગતિ | ૨. પાણીમુક્તાગતિ | ૩. લાંગલિકાગતિ | ૪. ગોમૂત્રિકાગતિ |
| (૧૩) | ૧. વસ્તુસ્વભાવ | ૨. ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મ | ૩. સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર | ૪. જીવોની રક્ષારૂપ ધર્મ |
| (૧૪) | ૧. પૃથક્‌ત્વવિચાર | ૨. એકત્વવિતર્ક | ૩. સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી | ૪. વ્યુપરતક્રિયા નિવર્તિ |
| (૧૫) | ૧. સ્વદ્રવ્ય | ૨. સ્વક્ષેત્ર | ૩. સ્વકાળ | ૪. સ્વભાવ |
| (૧૬) | ૧. મૈત્રી | ૨. પ્રમોદ | ૩. કારૂણ્ય | ૪. માધ્યસ્થ |
| (૧૭) | ૧. મિથ્યાત્વ | ૨. અવિરતિ | ૩. કષાય | ૪. યોગ |
| (૧૮) | ૧. ઋષિ | ૨. મુનિ | ૩. યતિ | ૪. અણગાર |
| (૧૯) | ૧. પ્રથમાનુયોગ | ૨. ચરણાનુયોગ | ૩. કરણાનુયોગ | ૪. દ્રવ્યાનુયોગ |
| (૨૦) | ૧. અનિષ્ટસંયોગ | ૨. ઈષ્ટવિયોગ | ૩. વેદનાજન્ય | ૪. નિદાનજન્ય |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● મુનિરાજ કહે છે કે અમે એ સંસારજનિત ભાવોમાં નથી. સ્ત્રી-પુત્ર-પૈસો-ધંધો છોડ્યો માટે સંસાર છોડ્યો છે એમ નથી. પર્યાયમાં જે સંસારજનિત સુખ-દુઃખાદિ થાય તેનાથી દૂર વર્તે તેણે સંસાર છોડ્યો છે. જે ચીજ પ્રત્યક્ષ છે, પ્રગટ છે, મૌજૂદ છે. જેનું અસ્તિત્વ પર્યાયમાં નથી અને ધ્રુવમાં જેનું અસ્તિત્વ છે તેમાં જે નિષ્ટ (શ્રદ્ધાવાન) નથી તે આત્માથી ભ્રષ્ટ હોવાથી બહિરાત્મા છે. ૫૪૫.

● આહાહા ! એકભાવ એ યથાર્થપણે સમજવામાં આવે કે ભગવાન જ્ઞાનમય ચૈતન્યબિંબ છે. અતીન્દ્રિય આનંદમય છે. તેના પ્રેમમાં તેનાથી વિરુદ્ધ દુઃખ ને દુઃખફળનું એટલે કે કર્મચેતના ને કર્મફળચેતનાનું કરવું ને વેદવું હોતું નથી, એમ સમજવામાં આવે તો તેનો કેવળ જ્ઞાતા જ રહે—એવી આ વાત છે. ૫૪૬.

● ભગવાન આત્મામાં જ્ઞાન અવસ્થિત છે તેથી જે જે પ્રસંગ બને તે તે પ્રસંગે તેનું જ્ઞાન કરવાનું ટાણું હોવા છતાં તેનું જ્ઞાન કરવાને બદલે જ્ઞેયજ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્યપણાને લીધે જ્ઞેયરૂપ પોતાને જાણતો થકો જ્ઞાનપણે પરિણમવાને બદલે અજ્ઞાનપણે પરિણમતો થકો, રાગાદિ જ્ઞેય મારા છે એમ જાણતો થકો, અજ્ઞાની તેનો કર્તા થાય છે. અનાદિકાળથી જ્ઞેય-જ્ઞાયકની જુદાઈને નહિ જાણવાથી જ્ઞેયરૂપ પોતાને માનતો થકો જ્ઞાનના પરિણામને અજ્ઞાનરૂપે કરતો થકો, વિકારનો કર્તા થાય છે. ૫૪૭.

● જેને આત્માનો રસ લાગ્યો છે તેને બહારની આખી દુનિયામાં ક્યાંય અધિકતા લાગતી નથી. જેને બહારની મીઠાશ લાગે તેને આત્માની રુચિ—મહિમા આવતો નથી. ૫૪૮.

● પહેલી શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહિ. મારે એક આત્મા જ જોઈએ એવો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરૂ આદિ કાંઈ નહિ પણ એક આત્મા જ મારે જોઈએ એવો દૃઢ નિશ્ચય થવો જોઈએ. ૫૪૯.

● ભાઈ ! મનુષ્યભવ મળ્યો છે તો આ કરી લે ! બીજું બધું મૂકી દે ! ને આ કરી લે. દુનિયા વખાણ કરશે એ કાંઈ હારે નહિ આવે, માટે બહારનું બધું મૂકીને આ કરી લે. ૫૫૦.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૨૩
અંક-૫ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-1-2023
Posted on 1-1-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org